RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧    મંગળવાર, તા.૦૯-૦૪-૨૦૨૪    અંક : ૨૫૧ વર્ષ : ૧૮    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવે તોડયા તમામ રેકોર્ડ

## લગ્નસરાની સિઝન ટાણે ઘરેણાં થયા મોંઘા




મુંબઈ,

MCX પછી આજે સોના અને ચાંદીના ભાવે બુલિયન માર્કેટમાં પણ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. આજે સોનું ૧૧૮૨ રૂપિયા મોંઘુ થયું અને ૭૧૦૬૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે ખુલ્યું. જ્યારે આજે ચાંદીનો ભાવ કિલો દીઠ રૂ. ૨૨૮૭ વધીને ખૂલ્યો હતો. આજે ચાંદી રૂ.૮૧૩૮૩ પર ખુલી છે.

IBJA ના લેટેસ્ટ રેટ મુજબ આજે ૨૩ કેરેટ સોનું પણ ૭૦૭૭૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયું છે. આજે તે ૧૧૭૭ રૂપિયા મોંઘો થયો હતો. બીજી તરફ, ૨૨ કેરેટ સોનાનો ભાવ ૧૦ ગ્રામના રૂ. ૬૪૦૧૨ના અગાઉના બંધથી રૂ. ૧૦૮૩ વધીને રૂ. ૬૫૦૯૫ પર પહોંચી ગયો હતો. જ્વેલરીમાં સૌથી વધુ વપરાતું ૧૮ કેરેટ સોનું પણ આજે રૂ.૮૮૬ વધીને રૂ.૫૩૨૯૨ પર પહોંચી ગયું છે. જ્યારે ૧૪ કેરેટ સોનાનો ભાવ ૬૯૧ રૂપિયાના ઉછાળા સાથે રૂપિયા ૪૧૫૭૨ પર પહોંચી ગયો છે.

## વિવાદાસ્પદ ભાષણના મુદ્દે રૂપાલાને ચૂંટણીપંચની ક્લીનચિટ

### જે સ્થળે વિવાદાસ્પદ ટિપ્પણી કરી એ એક પરિવારને ત્યાં યોજાયેલો ભજનનો કાર્યક્રમ હતો, કોઈ રાજકીય આયોજન ન હતું

અમદાવાદ,

ભાજપના રાજકોટ બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાને ક્ષત્રિયો અંગે વિવાદાસ્પદ ભાષણના મુદ્દે ચૂંટણીપંચની ક્લીનચિટ મળી ગઈ છે. આમ કેન્દ્રીય મંત્રી રૂપાલા સામે ચૂંટણીપંચમાં કરવામાં આવેલી ફરિયાદનો નીવેડો આવી ગયો છે.

રાજકોટ જિલ્લા કલેક્ટરે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા સામે નોંધાયેલી ફરિયાદના સંદર્ભમાં જણાવ્યું હતું કે રૂપાલાએ કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીના વિડીયોમાં કોઈ સમાજના રાજા રજવાડાનો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો નથી. રાજકોટ જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે રૂપાલા સામે આચારસંહિતા ભંગની ફરિયાદ બાદ આચારસંહિતા ભંગના નોડલ અધિકારી અને રાજકોટ પ્રાંત-૨ કચેરીના આસિસ્ટન્ટ કલેક્ટર દ્વારા તપાસ કરવામાં આવી હતી. તપાસ પછી તેનો અહેવાલ ચૂંટણીપંચને મોકલવામાં આવ્યો હતો.

કલેક્ટરે આ ઉપરાંત જણાવ્યું હતું કે ચૂંટણીપંચે રૂપાલાને વિવાદાસ્પદ ભાષણના મુદ્દે ક્લીનચિટ આપી છે. તપાસ રિપોર્ટમાં એવા કોઈ પુરાવા મળ્યા નથી રૂપાલાએ જે સ્થળે વિવાદાસ્પદ ટિપ્પણી કરી એ એક પરિવારના ત્યાં યોજાયેલો ભજનનો કાર્યક્રમ હતો, કોઈ રાજકીય આયોજન ન હતું.

આ સાથે રૂપાલા પર આચારસંહિતાના ભંગનો તોળાતો ભય ઓસરી ગયો છે. રૂપાલાને આગામી ચૂંટણી લડવામાં કોઈ વાંધો નહી આવે તેમ જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત રૂપાલા પોતે પણ પોતાના નિવેદનથી કોઈની પણ લાગણી દુભાઈ હોય તેમ માફી માંગી ચૂક્યા છે. આમ આ વિવાદનો અહી અંત આવે છે



## મસ્ક ફરી અબજોપતિઓની યાદીમાં સામેલ

### માર્ક ઝુકરબર્ગેને ધકેલી મેળવ્યું ત્રીજું સ્થાન

એક સમયે વિશ્વના સૌથી અમીર વ્યક્તિ ગણાતા ઈલોન મસ્ક ફરીથી અબજોપતિઓની યાદીમાં ત્રીજા નંબરે પહોંચી ગયા છે. મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગેને ચોથા સ્થાન પર ધકેલી ઈલોન મસ્કે આ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અબજોપતિની યાદીમાં આ સિવાય મુકેશ અંબાણી ૧૧માં સ્થાને વધુ મજબૂત બન્યા છે, જ્યારે ૧૪માં સ્થાને રહેલા ગૌતમ અદાણી નબળા પડ્યા છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં ટોચના ૧૦ અમેરિકન અબજોપતિઓમાં ફ્રાંસના બર્નાર્ડ આર્નોલ્ટનું વર્ચસ્વ છે. બર્નાર્ડ આર્નોલ્ટ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ છે અને તેમની કુલ સંપત્તિ ઈ૨૨૬ બિલિયન છે. આ વર્ષે તેઓએ ૧૮.૪ અબજ ડોલરની કમાણી કરી છે. બીજા નંબરે એમેઝોનના ભૂતપૂર્વ સીઈઓ જેફ બેઝોસ છે. આ વર્ષે અત્યાર સુધીમાં ઈ૩૦.૬૦ બિલિયનથી વધુની કમાણી કરનાર બેઝોસ પાસે ઈ૨૦૭ બિલિયનની સંપત્તિ છે.અબજોપતિની યાદીમાં ઈલોન મસ્ક ફરીથી ત્રીજા સ્થાને છે. સોમવારે તેમની સંપત્તિમાં ઈ૫.૭૮ બિલિયનનો વધારો થયો અને તેનાથી વિપરીત, માર્ક ઝકરબર્ગની સંપત્તિમાં ઈ૨.૭૭ બિલિયનનો ઘટાડો થયો. પરિણામ એ આવ્યું કે મસ્કને તે દરજ્જો પાછો મળ્યો જે તેણે સોમવારે ગુમાવ્યો હતો. તે ફરીથી ૧૮૬ અબજ ડોલર સાથે ત્રીજા સ્થાને પહોંચી ગયો.

વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં ઝડપથી આગળ વધી રહેલા માર્ક ઝકરબર્ગ ૧૮૪ અબજ ડોલરની સંપત્તિ સાથે ચોથા સ્થાને છે.

## PM મોદીની ઉત્તર પ્રદેશના પીલીભીતમાં મેગા રેલી

### વર્તમાન સાંસદ વરુણ ગાંધી વડાપ્રધાનની આ રેલીમાં ભાગ નહિ લે



નવીદિલ્હી,

PM મોદી આજે એટલે કે મંગળવારે પીલીભીતમાં ભાજપના ઉમેદવાર જિતિન પ્રસાદના સમર્થનમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે. અહી નોંધનિય બાબત એ છે કે, વર્તમાન સાંસદ વરુણ ગાંધી વડાપ્રધાનની આ રેલીમાં ભાગ લેશે નહીં. કહેવામાં આવી રહ્યું છે કે, કોરોના પોઝિટિવ હોવાના કારણે તે આ રેલીમાં હાજર રહેશે નહીં. આ વખતે ભાજપે વરુણ ગાંધીની ટિકિટ રદ્દ કરીને યોગી સરકારના કેબિનેટ મંત્રી જિતિન પ્રસાદને પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

ઉત્તર પ્રદેશના પીલીભીત ના ડ્રમન્ડ ઈન્ટર કોલેજમાં વડાપ્રધાન મોદીની જાહેર સભા યોજાશે. PM મોદીની રેલીને લઈ વહીવટીતંત્રે સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે. આખું શહેર છાવણીમાં ફેરવાઈ ગયું છે. વડાપ્રધાન લગભગ ૬૫ મિનિટ શહેરમાં રહેશે. આ દરમિયાન તેઓ કાર દ્વારા ૩ કિલોમીટરની મુસાફરી પણ કરશે. વડાપ્રધાનની રેલીને જોતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ એક કલાક પહેલા રેલી સ્થળ પર પહોંચી જશે. તેઓ રેલી પહેલા પ્રબુદ્ધ વર્ગ સંમેલનને પણ સંબોધશે.

વડાપ્રધાન આજે તેમની ચૂંટણી રેલી દ્વારા માત્ર પીલીભીત જ નહી પરંતુ તરાઈની અન્ય બેઠકો પણ જીતવાનો પ્રયાસ કરશે. પીલીભીતની આસપાસની સીટોમાં બરેલી, શાહજહાંપુર, બદાયું અને લખીમપુર અને ધૌરહરા સીટોનો સમાવેશ થાય છે. વડાપ્રધાનની રેલી જોઈને ભાજપના ઉમેદવાર જિતિનપ્રસાદે કહ્યું કે, જનતા ખૂબ જ ઉત્સાહિત છે. વડાપ્રધાન પહેલીવાર પીલીભીત આવી રહ્યા છે.

## રશિયા હાલ ખતરનાક રમત રમી રહ્યું છે - US પ્રવક્તા

વોશિંગ્ટન,

અમેરિકાએ રશિયાને ઝાપોરિઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાંથી તેના સૈન્ય અને નાગરિક કર્મચારીઓને પાછા ખેંચવા કહ્યું છે. ઉપરાંત, રશિયાએ તેનો પરમાણુ પ્લાન્ટ યુક્રેનને સોંપવો જોઈએ.'જી સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે નિયમિત બ્રીફિંગમાં જણાવ્યું હતું કે'જી પાવર પ્લાન્ટ પર 'ડ્રોન હુમલા'ના અહેવાલોથી વાકેફ છે અને ત્યાંની સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. મિલરે કહ્યું કે રશિયા ખતરનાક રમત રમી રહ્યું છે. ડ્રોન હુમલો અને ઝાપોરિઝિયા પાવર પ્લાન્ટ પર રશિયાનું નિયંત્રણ જોખમી છે. તેથી, અમે રશિયામાંથી લશ્કરી અને નાગરિક કર્મચારીઓને પાછા ખેંચવાની માંગ કરીએ છીએ.રશિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે ઝાપોરિઝિયા પરમાણુ સ્ટેશનના બંધ રિએક્ટર પરના ગુંબજ પર રવિવારે યુક્રેન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. રશિયાએ દાવો કર્યો છે કે પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો જેને રશિયન સેનાએ ૨૦૨૨ માં કબજે કરી લીધો હતો.

## તરસેમસિંહ હત્યા કેસનો શાર્પશૂટર અમરજીત એન્કાઉન્ટરમાં થયો ઠાર

### મુખ્ય આરોપી અમરજીતસિંહ વિરુદ્ધ ૧૬થી વધુ કેસ નોંધાયેલા છે

નવીદિલ્હી,

શ્રી નાનકમત્તા સાહિબ ગુરુદ્વારા ડેરા કાર સેવાના પ્રમુખ બાબા તરસેમ સિંહની હત્યાના મુખ્ય આરોપી એન્કાઉન્ટરમાં માર્યો ગયો. ૨૮ માર્ચે બાબા તરસેમ સિંહની ગોળી મારીને હત્યા કરનાર અમરજીત સિંહ ઉર્ફે બિટ્ટુને ઉત્તરાખંડ STF અને હરિદ્વાર પોલીસે ભગવાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો. અમરજીત સિંહ વિરુદ્ધ ૧૬ થી વધુ કેસ નોંધાયેલા છે. દરમિયાન હત્યારાનો અન્ય સાથી ફરાર છે. એસટીએફ અને પોલીસ શોધખોળમાં લાગેલી છે.

૨૮ માર્ચે બાબા તરસેમ સિંહની બાઈક પર આવેલા બે બદમાશોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આ ઘટના નાનકમત્તા સાહિબ ગુરુદ્વારાની બહાર બની હતી. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

## શ્રીનગરના શોપીયામાં આતંકવાદી હુમલો : ડ્રાઈવરને ગોળી મારી દિધી

### ભારતીય સુરક્ષા દળોએ કાર્યવાહી હાથ ધરી

નવીદિલ્હી,

આતંકવાદીઓએ સોમવારે રાત્રે શ્રીનગરના શોપિયામાં એક ડ્રાઈવરને ગોળી મારવામાં આવી હતી. મળતી જાણકારી પ્રમાણે ઘાયલ ડ્રાઈવર દિલ્હીનો હોવાનું સામે આવ્યું છે. ઘટનાને અંજામ આપ્યા બાદ આતંકીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટનાસ્થળે પહોંચેલી સુરક્ષા દળોની ટીમ ઘાયલ ડ્રાઈવરને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગઈ હતી. ડોક્ટરોએ ઘાયલોને સારી સારવાર માટે શ્રીનગર રિફર કર્યા હતા. ઘટના બાદ સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને આતંકીઓની શોધખોળ કરવામાં આવી રહી છે.મળતી જાણકારી પ્રમાણે દિલ્હીના રહેવાશી પરમજિત સિંહ ટ્રક ડ્રાઈવર છે. તેઓ ગાડી લઈને શોપિયા વિસ્તારમાં આવેલા હતાં. સોમવારે મોટી રાત્રે આતંકવાદી હુમલો થયો હતો. જેમાં આતંકવાદીઓએ તેમની નિશાનો બનાવીને ફાયરિંગ કર્યુ હતું.

## રાહુલ ગાંધીનું હેલિકોપ્ટર ટેકઓફ જ ન થઈ શક્યું

### ઈંધણ ખતમ : MPના શહડોલમાં સભા બાદ નીકળી રહ્યા હતા

નવીદિલ્હી,

કોંગ્રેસના સ્ટાર પ્રચારક અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સોમવારે શહડોલમાં સભા બાદ ત્યાં જ અટવાયા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈંધણના અભાવે તેમનું હેલિકોપ્ટર ઉડી શક્યું ન હતું. હવે તેઓ રાત્રે શહડોલમાં રોકાયા હતા. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જીતુ પટવારીએ કહ્યું કે હેલિકોપ્ટર માટે ઈંધણ ભોપાલથી મંગાવવામાં આવ્યું હતું, પરંતુ ખરાબ હવામાનને કારણે ઈંધણ સમયસર પહોંચી શક્યું નથી. આ પહેલા સોમવારે રાહુલ ગાંધીએ મંડલા અને શહડોલ લોકસભા સીટ પર ચૂંટણી રેલી કરી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ઢંઢેરાના વચનોનું પુનરાવર્તન કર્યું. સાથે જ અનેક મુદ્દે મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું.

## રામલલા પહેરશે સોના અને ચાંદીના ભરતકામ વાળા સુતરાઉ વસ્ત્રો

### આ વખતે હિંદુ નવું વર્ષ ઘણી રીતે ખાસ રહેશે

અયોધ્યા,

ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસથી ભગવાન રામલલા સોના અને ચાંદીની ભરતકામવાળા સુતરાઉ વસ્ત્રો પહેરશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે ઈન્ટરનેટ મીડિયા દ્વારા આ માહિતી આપી છે.

રામલલા આજથી પહેરશે સોના-ચાંદીના સુતરાઉ વસ્ત્રો, આ વખતે હિંદુ નવું વર્ષ ઘણી રીતે ખાસ રહેશે

ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસથી ભગવાન રામલલા સોના અને ચાંદીની ભરતકામવાળા સુતરાઉ વસ્ત્રો પહેરશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે ઈન્ટરનેટ મીડિયા દ્વારા આ માહિતી આપી છે. સુતરાઉ કપડાં પર ચાંદી અને સોનાની હસ્તકલા છે. તેમાં વૈષ્ણવ પૂજા પ્રણાલીના પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



### રામનવમી પર ચાર મિનિટ માટે રામલલાનું સૂર્ય તિલક

રામનવમી પર રામલલાને સૂર્ય તિલક લગાવવાની પ્રથમ પ્રથા સોમવારે થઈ હતી. સોમવારે બપોરે બરાબર ૧૨ વાગ્યે, સૂર્યના કિરણો મંદિરની દિવાલોમાંથી પસાર થઈને ગર્ભગૃહમાં પહોંચ્યા, જે રામલલાના કપાળ પર પડ્યા. આ ઘણી વખત પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. રામનવમીના દિવસે બપોરે ૧૨ વાગ્યે લગભગ ચાર મિનિટ સુધી સૂર્યના કિરણો રામલલાના કપાળ પર પડશે. રૂરકીના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકોની ટીમ તેને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે. આ સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું કે આ કવાયત ૧૩ અને ૧૪ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. સાધનોની સાથે તેમાં વિવિધ ક્ષમતાના ચાર લેન્સ પણ લગાવવામાં આવ્યા છે. મંદિરની વ્યવસ્થા સાથે જોડાયેલા કર્મચારીઓનું કહેવું છે કે સવારથી જ તૈયારીઓ હતી અને મધ્યાહન આરતી દરમિયાન તેની પ્રેક્ટિસ કરવામાં આવી હતી.

## ક્ષત્રિય આગેવાનોની ગતિવિધિ પર નજર રાખવા આઈબીને સૂચના

### વડાપ્રધાન મોદી અને અમિત શાહ દ્વારા જ કોઈ સમાધાનકારી માર્ગ લેવાય એવી પ્રબળ શક્યતા

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૦૯

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાને પડતાં મૂકવાની માગણી સાથે ક્ષત્રિય સમાજનો રોષ હવે રાજ્યવ્યાપી બની ગયો છે અને હજુ પણ આ મુદ્દે કોઇ નિર્ણયાક દરમિયાનગીરી નહીં થાય તો ક્રમશઃ આ રોષ દેશના અન્ય રાજ્યોમાં પ્રસરી જાય એવી આશંકા સેવાઈ રહી છે. ત્યારે ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા જ કોઇ સમાધાનકારી માર્ગ લેવાય એવી પ્રબળ શક્યતા છે. મંગળવારે ચૈત્ર મહિનાની નવરાત્રીનો આરંભ થઇ રહ્યો છે અને મા ભવાની, જગદંબામાં આસ્થા ધરાવતા વડાપ્રધાન મોદી ચૈત્ર મહિનાની નવરાત્રીમાં પણ નક્કોરડા ઉપવાસ કરતા હોય છે. ક્ષત્રિયો પણ મા ભવાનીના પૂજકો રહ્યા છે ત્યારે આ મામલે કેવો ઉકેલ આવે છે એ જોવાનુ રહેશે. એક પખવાડિયા પૂર્વે રાજકોટ ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ બિન રાજકીય કાર્યક્રમમાં કરેલી ક્ષત્રિય સમાજ અંગેની ટિપ્પણી હવે ભાજપની ચૂંટણી તૈયારીઓ પર અસર કરી રહી છે. ક્ષત્રિય સમાજના આગેવાનોએ પોતાના યુવાઓ, મહિલાઓને શાંતિપૂર્ણ રીતે જ આંદોલન, દેખાવો અને બાકીના કાર્યક્રમો કરવા માટે વારંવાર વિનંતી કરી છે, પરંતુ ઘણે ઠેકાણે હવે પરિસ્થિતિ આ નેતાઓના હાથ બહાર જતી રહી હોય એવા કિસ્સાઓ ચૂંટણીના માહોલને કોઇપણ ગંભીર વળાંક લાવી દે એવા બની રહ્યા છે. ખાસ કરીને શનિવારે જામખંભાળિયામાં બનેલી ઘટના એ હાલ પ્રવર્તતા માહોલમાં ભલે સામાન્ય જણાય, પરંતુ ભવિષ્યમાં જયારે રાજ્યમાં રાષ્ટ્રીય નેતાઓ, એમાંય વડાપ્રધાન કે ગૃહમંત્રી અથવા અન્ય મહાનુભાવોના પ્રવાસ વખતે આવી ઘટના બને તો પ્રચારનો મુદ્દો બાજુમાં જતો રહે અને દેખાવોની ઘટનાઓ પ્રચાર માધ્યમોમાં કેન્દ્ર સ્થાને બની રહે એ ચિંતા ભાજપ નેતાગીરીને પજવી રહી છે. ત્રણ દિવસમાં નાના નાના ગામો, નગરોમાં એકાએક રોડ, હાઈવે પર ટ્રાફિક રોકીને વિરોધ કરવાની છૂટીછવાઈ પાંચથી વધુ ઘટના બની છે. આ સ્થિતિના આકલન માટે રવિવારે બપોરે બે વાગ્યાથી ગાંધીનગરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નિવાસસ્થાને એક બેઠક મળી હતી.

# ૨૦ મે બાદ ગરમી જોર પકડશે : ૨૪ મે થી ૫ જૂન ગુજરાતમાં કેટલાક ભાગમાં વરસાદ થશે : અંબાલાલ



## ગુજરાતભરમાં ગાજવીજ અને કરા સાથે વરસાદ આવશે

અમદાવાદ,

એપ્રિલ મહિનો આકરો જવાનો છે. ગરમી ગઈ અને ફરી વરસાદનો સમય આવ્યો છે. એપ્રિલમાં ભર ગરમીએ વરસાદની આગાહી આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ભર ઉનાળે ગરમીની આગાહી કરી છે. જેને કારણે લોકોને ગરમીથી થોડી રાહત મળશે. ૧૨ થી ૧૫ એપ્રિલ દરમિયાન ગુજરાતભરમાં ગાજવીજ અને કરા સાથે વરસાદ આવશે. ગુજરાતમાં ફરી એકવાર વાદળો છવાશે અને જોરદાર વરસાદ આવશે. ૪ જિલ્લામાં ગુજરાતમાં વરસાદ પડવાની સંભાવના છે. આ વર્ષે ગરમી, પ્રિમોન્સૂન એક્ટિવિટી અને કરા પણ વારંવાર પડશે. ૧૧ મેં આસપાસ બંગાળાના ઉપસાગરમા હળવા દબાણ પેદા થશે. ૨૦ મે બાદ ગરમી જોર પકડશે. ૨૪ મે થી ૫ જૂન આસપાસ ગુજરાતમાં કેટલાક ભાગમાં વરસાદ થશે. અંબાલાલ પટેલે આગાહી કરી કે, ૧૨ થી ૧૫ એપ્રિલ સુધી ગ્રહોની રાશિ જળદાયક અને વાયુવાહકમાં હોવાથી પવન સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી થવાની શક્યતા છે. આ દિવસોમાં સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી છે. ૧૨ થી ૧૫ એપ્રિલમાં હળવાથી મધ્યમ વરસાદ ગાજવીજ અને કરા સાથે વરસાદ પડશે. આ દિવસોમાં પવનની ગતિ તેજ રહેશે.

# ધો. ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને પોલીસ ભરતીમાં તક મળશે : હસમુખ પટેલ

ગાંધીનગર,

ગુજરાતમાં પોલીસ અને ન્ઈઙ્ઘની ભરતી માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ રહ્યાં છે. આ વચ્ચે ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલ દ્વારા મહત્વની જાહેરા કરવામાં આવી છે. આજે હસમુખ પટેલે પત્રકાર પરિષદ યોજી કેટલીક મહત્વની જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ઓજસ પર પોલીસ ભરતી માટે અરજી થઈ રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ ઉમેદવારોએ અરજી કરી છે. કુલ ૧.૧૮ લાખ અરજીઓ કન્ફર્મ થઈ છે. તેમણે કહ્યું કે ૧૦ લાખ જેટલી અરજીઓ થવાની સંભાવના છે. પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે કહ્યું કે, ધોરણ ૧૨ અને કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ પોલીસ ભરતીમાં અરજી કરી શકશે. એટલે કે રાજયમાં ધોરણ ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુબ સારા સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતીમાં આ વિદ્યાર્થીઓને પણ તક મળશે. હસમુખ પટેલે કહ્યું કે લોકરક્ષક અને પીએસઆઈ ભરતી માટે ઉમેદવારોને ચોમાસા પછી શારીરિક પરીક્ષા પહેલા અરજી કરવાની તક મળશે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે કહ્યુ કે રાજ્યમાં પોલીસ વિભાગના ૧૨૪૭૩ પદ પર ભરતી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ અરજીઓ આવી છે. ભરતી બોર્ડના ચેરમેને કહ્યું કે જો આ ઝડપે ફોર્મ ભરાય તો ૭.૫ લાખ અરજીઓ આવી શકે છે. તેમણે કહ્યુ કે આશરે ૧૦ લાખ જેટલી અરજી થવી જોઈએ.

# હજી ગુજરાત અને મધ્ય પ્રદેશને જોડતા બ્રિજનું લોકાર્પણ કર્યુ ત્યાં તો પુલ પર પ્રવેશબંધી

દાહોદ

લોકસભાની ચુંટણી જાહેરાત થતા સત્તા ધારી પક્ષ દ્વારા મતદારોને રિઝવવા અનેક વિકાસ કામોના લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કરી નાખ્યા ત્યારે દાહોદમાં મધ્યપ્રદેશ ગુજરાતને જોડતો પુલનું પણ લોકાર્પણ કરવામા આવ્યુ છે. આ પુલ ૪૦ જેટલા ગામોને આવરી લે છે. ટાંડામાં આવેલી અનાસ નદી પર નિર્માણાધીન બ્રિજનું લોકાર્પણ કર્યુ હોવાની માહિતી મળી રહી છે.

સાસંદ જશવતસિહ ભાભોર, બચુભાઈ ખાબડ અને દાહોદ ધારાસભ્ય દ્વારા એવી તે શું ઉતાવળ હતી કે, અધુરા પુલનું લોકાર્પણ આચાર સંહીતા પહેલા જ કરી નાખ્યુ છે. પુલનું લોકાર્પણ કરતા સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે નેતાઓ પુલનું લોકાર્પણ કરીને ગયાના બે કલાકમાં જ પુલ આગળ પ્રવેશ બંધીના બેરિકેડ લગાવામાં આવ્યા છે. બ્રિજની કામગીરી બાકી હોવાની જાણ થતા સ્થાનિકોમાં રોષનો માહોલ જોવા મળ્યો છે.

# અંબાજી, પાવાગઢ અને ચોટીલામાં ભક્તોનું ઘોડાપૂર

## વહેલી સવારથી જ ભક્તો પહોંચ્યા દર્શને







અમદાવાદ

આજથી ચૈત્રી નવરાત્રી શરૂ થઈ રહી છે. આ નવરાત્રીમાં માઈ ભક્તો માતાજીની ભક્તિ તેમજ આરાધના કરે છે. આ તરફ રાજ્યના ત્રણ મોટા મંદિરોમાં પણ આજે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી, ચોટીલા અને પાવાગઢ મંદીરે આજે પરોઢિયેથી જ ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા છે.

વહેલી પરોઢથી જ યાત્રાધામ પાવાગઢમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. ભક્તો માં મહાકાળીના દર્શનાર્થે ઉમટી પડ્યા છે. વિગતો મુજબ મોડી રાતથી જ દર્શન કરવા ભક્તો પહોંચ્યા હતા તો રાત્રીના સમયે ભજન-કીર્તનથી પાવાગઢ ગુંજી ઉઠ્યું હતું. આ સાથે આજે ૪ વાગ્યે મંદિરના કપાટ ખુલતા જ વિશેષ મંગળા આરતી કરાઈ હતી. મંદિરમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે માતાજીને વિશેષ શણગાર કરાયો હતો.

# મહિને લાખ રૂપિયાનું વ્યાજ આપવા છતાં હેરાન કરતા વેપારીએ જીવન ટૂંકાવ્યુ

અમદાવાદ,

શહેરના વાસણામાં રહેતા ફ્લોર ફેકટરીના માલિકે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. જોકે આત્મહત્યા કરતા પૂર્વે લખેલી સ્યુસાઇડ નોટમાં ૫ લોકો ત્રાસ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વિનોદ ઠક્કર નામના વેપારીની આત્મહત્યા મામલે વાસણા પોલીસે પાંચ શખ્સો વિરુદ્ધ આત્મહત્યા દુષપ્રેરણનો ગુનો દાખલ કર્યો છે અને ગુનામાં સામેલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. વાસણા પોલીસે દર્શક ઠક્કર, અનિલ ગુપ્તા અને ઉમેશ ચૌહાણની ધરપકડ પણ કરી છે. આ આરોપીઓએ ભેગા મળીને એક વેપારીને વ્યાજ ચક્રમાં એવો ફસાવ્યો કે તેણે પોતાના જ જીવનનો અંત લાવી દીધો.

થોડા સમય પહેલા રાજ્ય સરકારે વ્યાજખોર પર અંકુશ લાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરી હતી. પરંતુ ઝુંબેશ પૂર્ણ થતા જ ફરી એક વાર વ્યાજખોર સક્રિય થયા હોય તેવી ઘટના સામે આવી છે. વાસણા વિસ્તારમા સ્વામીનારાયણ પાર્કમાં રહેતા અને ફ્લોર ફેક્ટરી ચલાવતા વિનોદ ઠક્કર નામનાં વેપારીએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ૫મી એપ્રિલના રોજ પોતાની દુકાનમાં જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

# ગુજરાત યુનિવર્સિટી માનહાનિ કેસમાં સંજયસિંહની અરજી સુપ્રીમે ફગાવી



અમદાવાદ

દારૂકાંડમાં જામીન પર બહાર આવેલા આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહને સોમવારે સુપ્રીમ કોર્ટમાંથી આંચકો લાગ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી માનહાનિ કેસમાં સંજયસિંહની અરજી સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવી છે. સંજયસિંહે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને નીચલી કોર્ટમાં ચાલી રહેલા કેસને રદ કરવાની માંગ કરી હતી. સંજયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીને લઈને યુનિવર્સિટી પર ટિપ્પણી કરી હતી.

અહી ગુજરાત હાઈકોર્ટે સંજયસિંહ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે નીચલી અદાલત દ્વારા આપેલા સમન્સને રદ કરવાનો ઈક્રાર કરી દીધો હતો. સંજયસિંહ અને કેજરીવાલે પીએમ મોદીની ડિગ્રીને લઈને ગુજરાત યુનિવર્સિટી વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. જેના કારણે યુનિવર્સિટીએ તેમની સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે. આ પછી નીચલી કોર્ટ દ્વારા આપ સાંસદને તેમની હાજરી માટે વારંવાર સમન્સ મોકલવામાં આવી રહ્યા છે.

# ફૂડ પોઈઝનિંગથી નવ વર્ષની બાળકીનું થયું મોત : ૬ લોકોની હાલત ગંભીર

અમદાવાદ

બાવળાના ઝેકડા ગામે ફૂડ પોઈઝનિંગથી મોત થયાની ઘટના સામે આવી છે. ઝેકડા ગામની નવ વર્ષની બાળકીનું ફૂડ પોઇઝનિંગથી મોત થયું. જ્યારે ફૂડપોઈઝનિંગના કારણે ૬ જેટલા લોકોની હાલત ગંભીર થતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાવામાં આવ્યા છે. બાવળા ના ઝેકડા ગામનો બનાવમાં ફૂડપોઈઝનિંગ થયાની ઘટનાની જાણ થતા આરોગ્ય વિભાગ દોડતું થયુ છે. ઝેકડા ગામમાં ભાત ખાવાથી સાત બાળકોને ફૂડ પોઇઝનિંગ થયું. આરોગ્ય વિભાગે હાલમાં ખાવાના સેમ્પલ લઈ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે.

અગાઉ પણ સ્વામિનરાયણ મંદિરેથી નાસ્તો કરીને નીકળેલા મુસાફરોને રસ્તામાં ઉલટીઓ થવા લાગી હતી. તમામ મુસાફરોની તબિયત બગડતા તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેમજ અમદાવાદમાં જાનૈયાઓની બસ પરત જઈ રહી હતી ત્યારે તમામ લોકોની તબિયત રસ્તામાં લથડવા લાગી હતી. હાઈવે પર મોડી રાત્રે જાનૈયાઓની તબિયત બગડતા નજીકની હોસ્પિટલમાં દાખલ થયા હતા.

# મારી કોઈ ભૂમિકા સાબિત થશે તો હું જાહેર જીવન છોડી દઈશ - ભરત બોઘરા

## ભરત બોઘરાએ ક્ષત્રિય આંદોલનમાં પોતાની ભૂમિકા નકારી

અમદાવાદ

પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને લઈને ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. આ મામલે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાની સંડોવણી હોવાની ચર્ચાઓ ઉઠી હતી. જેને લઈને ભરત બોઘરાએ સ્પષ્ટતા કરી હતી.

તેમણે જણાવ્યું કે, મારા સહિત ભાજપના તમામ કાર્યકરો નિર્દોષ છે. અને સૌકોઈ પોતાને સોંપેલી જવાબદારી મુજબ કામ કરી રહ્યા છે. જ્યાં સુધી મારી વાત છે ત્યાં સુધી મારી કોઈ ભૂમિકા સાબિત થશે તો જાહેર જીવન છોડી દઈશ. આ વાત ભાજપની પ્રગતિ જોઈ ન શકતા વિઘ્નસંતોષીઓ દ્વારા ફેલાવવામાં આવી છે. હકીકતમાં આવી કોઈ જ વાતમાં તથ્ય નથી.

ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, વિરોધપક્ષના લોકો અને હિતક્ષત્રુઓ ખોટી રીતે નામ ઉછાળી રહ્યા છે. મને કોઇ જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યો નથી. અમારા એકપણ કાર્યકર્તાએ પાર્ટીને નુકસાન થાય તેવું કામ કર્યું નથી. મારી કોઇ વાત સાબિત થાય તો હું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું.

# અમદાવાદમાં પોલીસ જવાન તો સુરેન્દ્રનગરમાં બે લોકોનું થયું હાર્ટ ફેલ

અમદાવાદ,

રાજયમાં હાર્ટ એટેકનાં કિસ્સાઓમાં ફરી ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે. સુરેન્દ્રનગરમાં ૨૪ કલાકમાં એક મહિલા તેમજ એક પુરૂષનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું.જ્યારે અમદાવાદમાં એક પોલીસ કર્મચારીને ચાલુ ફરજ દરમ્યાન હાર્ટ એટેક આવતા તેમનું પણ મોત નિપજ્યું હતું.

છેલ્લા ઘણા સમયથી યુવાનોમાં હૃદય રોગનાં કિસ્સાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે હૃદયરોગનાં હુમલાઓમાં બાળકો સહિત યુવાનોનાં પણ મોત નિપજી રહ્યા છે. ત્યારે ગત રોજ અમદાવાદ શહેરનાં ખોખરા પોલીસ મથકમાં એકાઉન્ટન્ટ અને રાઈટર ફરજ બજાવતા અરવિંદ સોલંકી(ઉ.વર્ષ. ૩૩) ને હાર્ટ એટેક આવતા તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતા. જે બાદ તેઓને હાજર પોલીસ કર્મચારીઓ દ્વારા તાત્કાલીક સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં ફરજ પર હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ખોખરા પોલીસ મથકમાં ફરજ બજાવતો અરવિંદ સોલંકીને એકાએક છાતીમાં દુખાવો થતા હોસ્પિટલ ખસેડાયા હતા.

# મહિલાઓના મતદાનનું પ્રમાણ વધારવા ૨૦.૩ લાખ કરતાં વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે



ગાંધીનગર

વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ વચ્ચે એક પરંપરા એવી છે જે લગભગ દેશભરમાં જોવા મળે છે. અને એ છે આંગણે આવેલા અવસરના આમંત્રણની. પારિવારિક અને માંગલિક પ્રસંગોના આમંત્રણની પ્રથાને એક સોપાન આગળ વધારતાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે મતદારોને સહપરિવાર આમંત્રણ પાઠવતી પત્રિકા મોકલવામાં આવશે.

ગણતરીના દિવસોમાં જ દેશભરમાં લોકશાહીના મહાપર્વની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે રાજ્યના ૧૩ હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજયના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીનો તફાવત ૧૦ ટકા કરતાં વધુ હોય તેવા અને કુલ મતદાન ૫૦ ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ ૧૩ હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે.

# નકલી શેમ્પુ અને ગુટખાનો ધંધો સુરતમાંથી ઝડપાયું ગોડાઉન

## ૪૦ લાખનો મુદ્દામાલ કબજે

સુરત,

ગુજરાતમાં નકલીનો જમાનો આપ્યો છે. નકલી પોલીસ, નકલી અધિકારી, નકલી ઘી, નકલી તેલ સહિત અત્યાર સુધી આવી કેટલીય વસ્તુઓ ઝડપાઈ ચુકી છે. હવે સુરતમાંથી નકલી શેમ્પુ અને નકલી ગુટખા બનાવતું ગોડાઉન ઝડપાયું છે. એટલે કે રાજ્યમાંથી એક બાદ એક નકલી વસ્તુઓ સામે આવી રહી છે. સુરત પોલીસે દરોડા પાડી આ નકલી વસ્તુ બનાવતા ગોડાઉનનો પર્દાફાશ કર્યો હતો.

સુરતના ઓપલાડના માસમાં ગામેથી ડુપ્લીકેટ શેમ્પુ અને ગુટખા બનાવવાનું નેટવર્ક ઝડપાયું છે. માસમા ગામે ચાંદ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાંથી આ ગોડાઉન ઝડપાયું છે. ઓલપાડ પોલીસે બાતમીના આધારે અહીં દરોડા પાડ્યા હતા. અહીં નકલી ગુટખા અને શેમ્પુ બનાવવાના મશીનો મળી આવ્યા હતા. ગુજરાતમાં પહેલા નકલી ઘી, મસાલા, નકલી તેલ સહિત અનેક વસ્તુઓ મળી ચુકી છે. પરંતુ હવે નકલી શેમ્પુ પણ બનાવી વેચવામાં આવી રહ્યાં છે.

# જૂનાગઢમાં સિંહોના મોત અટકાવવા માટે હાઈકોર્ટનો આદેશ

## પીપાવાવ લીલીયા વચ્ચે હવે ૪૦ કિલોમીટરની સ્પીડે ટ્રેન ચલાવાશે

અમદાવાદ,

ગીરનાં જંગલમાં સિંહના અકુદરતી મોત અટકાવા આખરે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં પીપાવાવ-લીલીયા વચ્ચે દોડતી માલગાડીઓની ઝડપ ઘટાડાશે. ટ્રેનની ઝડપ ૧૦૦ નાં બદલે ૪૦ કિ.મી. પ્રતિ કલાક કરવાનો નિર્ણય લેવાયો છે. ટ્રેકની બંને બાજુ સોલાર એલઈડી લાઈટ લગાવવાનો નિર્ણય પણ બેઠકમાં કરવામાં આવ્યો છે. હાઈકોર્ટની ફટકાર બાદ રેલવે વિભાગની મહત્વની બેઠક મળી હતી. ટ્રેન હડફેટે સિંહોના કમોત થવાનો મામલે હાઈકોર્ટે રેલવે અને વનવિભાગને એસઓપી બનાવવા આદેશ કર્યો છે. જે અંતર્ગત જૂનાગઢ ખાતે રેલવે અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રેલવેના ડી.આર.એમ. અને વન વિભાગના સીસીએફ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ રેલવેના ટ્રેક જંગલના રાજ સિંહો માટે ગોઝારા સાબિત થઈ રહ્યાં છે. અનેક સિંહોએ આ ટ્રેક પર જીવ ગુમાવ્યા છે. ત્યારે હવે પીપાવાવ લીલીયા વચ્ચે દોડતી ટ્રેનોની સ્પીડ ઓછી કરાઈ છે. હવે અહીં ટ્રેનો ૧૦૦ને બદલે હવે ૪૦ કિ.મી.ની સ્પીડે ચાલશે. ઉલ્લેખનીય છે કે, પીપાવાવ લીલીયા રેલ્વે ટ્રેક પર ૨૪ કલાકમાં ૨૫ જેટલી ટ્રેનોની અવરજવર થાય છે. આજ સુધી આ રુટ પર ૭૦ થી લઈ ૧૦૦ની સ્પીડે તમામ ટ્રેનો દોડાવાઈ રહી હતી. પરંતું નવા નિર્ણય મુજબ, હવે ૧૦૦ કીમી માંથી ૫૦ કિ.મી ટ્રેક પર ૪૦ થી ઓછી સ્પીડે ટ્રેનનું પરિવરન શરુ કરી દેવાયુ છે. સાથે જ રેલવે ટ્રેકની આસપાસ લગાવવામાં આવશે ૫૦ થી વધુ એલઈડી સોલાર લાઈટ લગાવવાનો નિર્ણય લેવાયો છે. અન્ય રાજયના અભ્યારણ્યોમાં ચાલતી ટ્રેનની એસઓપીનો આ મામલે અભ્યાસ કરાશે.



# સાસણમાં સિંહની પજવણીનો વીડિયો વાઈરલ

## વનવિભાગ દ્વારા પણ તપાસના આદેશ અપાયા

ગીરમાં સિંહની પજવણીનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ફરી એકવાર સિંહની સુરક્ષાને લઈ સવાલ ઉઠ્યો છે. સોશિયલ મીડીયામાં જે વીડિયો વાઈરલ થયો છે તે સાસણ ગીર નેશનલ સફારી પાર્કનો છે. જેમાં પ્રવાસીઓ સિંહ દર્શન કરી રહ્યા હતા ત્યારે જ બે યુવકો પૂરપાટઝડપે બાઈક લઈને પસાર થતા સિંહમાં નાસભાગ મચી હતી. સિંહ હોવા છતા બાઈકચાલક ઘૂસી જતા સિંહની સુરક્ષાને લઈ સવાલ ઉઠ્યા છે.

વીડિયો વાઈરલ થતા હવે વનવિભાગ દ્વારા પણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સિંહની પજવણીનો જે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે તે સાસણ ગીર નેશનલ સફારી પાર્કનો હોવાનું સામે આવ્યું છે. પ્રવાસીઓ જીપ્સીમાં સવાર થઈ સિંહ દર્શન કરી રહ્યા હતા ત્યારે સફારીના રસ્તા પર બે અલગ અલગ ગ્રુપમાં સિંહ ફરતા જોવા મળી રહ્યા છે. આ સમયે જ પૂરપાટ ઝડપે બાઈક આવી ચડતા સિંહમાં નાસભાગ મચતી જોવા મળી રહી છે. આ સમગ્ર ઘટના સફારીમાં સવાર પ્રવાસીઓના કેમેરામાં કેદ થઈ હતી. જે વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ મામલે હાલ સાસણ વન વિભાગને તપાસના આદેશ આપવામાં આવ્યા છે.જેની હાલ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જુની ટીમને સુકાન સોંપાયાના સંકેત: રાજકોટમાં રૂપાલાના પ્રચારમાં વિજય રૂપાણીની એન્ટ્રી



રાજકોટ:

રાજકોટમાં લોકસભા ચૂંટણીમાં ભાજપ માટે અત્યંત સરળ ગણાતી બેઠક પર જે રીતે પરસોતમ રૂપાલાના વિધાનોનો વિવાદ થયો છે અને તેમાં ભાજપના જ એક પ્રદેશ અગ્રણીની ભૂમિકા હોવાના સંકેત મળ્યો છે તે પછી શનિવારે રૂપાલાના પ્રચારમાં ઓચિંતા જ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના રાજકારણને ઘોળીને પી જનાર પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની એન્ટ્રીએ નવા સંકેત આપી દીધા છે.શ્રી રૂપાણી અત્યાર સુધી રાજકોટ લોકસભા બેઠકમાં રૂપાલાના પ્રચારનો જે પ્રારંભ થયો તેનાથી લગભગ દુર રહ્યા હતા. એટલું જ ધારાસભા ચૂંટણીમાં પણ તેમના પ્રચારમાં મર્યાદીત ભૂમિકા હતી. પરંતુ શનિવારે યુવા ભાજપ દ્વારા જે બાઈક રેલી યોજાઈ તેમાં રૂપાલા બાઈક ચલાવતા હતા અને વિજય રૂપાણી ઝંડો પકડીને તેમની પાછળ બેઠા હતા. આ દ્રશ્ય રાજકોટ ભાજપમાં ચર્ચા જગાવી ગયુ છે.તેમાં ખાસ કરીને સમગ્ર પ્રચારમાં અત્યાર સુધીમાં કેટલાક જૂના જોગીઓને દુર રાખવામાં આવ્યા હતા જયારે એક-બે ચહેરાને કાર્યાલયને કામ સોંપવામાં આવ્યું હતું. પરંતુ જે રીતે હવે રૂપાલા પ્રકરણ હેન્ડલ થયુ અને ક્ષત્રિય સમાજમાં જબરો રોષ છે.તેથી રાજકોટ બેઠક પર જુની ટીમ જ પાંચ લાખની લીડ લાવી શકશે તે નિશ્ચિત થતા ભાજપ મોવડીમંડળે હવે વિજયભાઈ રૂપાણીને અને તેમની સાથે અનેક ચુંટણીઓમાં મહત્વની ભૂમિકા ભજવનાર નેતાઓને સક્રીય થઈ જવા જણાવ્યું છે અને આ રીતે રૂપાણીએ રૂપાલાનો ઝંડો પકડી લીધો હતો અને તેઓએ એ પણ આશા વ્યક્ત કરી હતી કે ક્ષત્રિય સમાજ રૂપાલાને માફ કરી દેશે.

## જુગાર રમતા ચાર ઝડપાયા, છ ફરાર

રાજકોટ:વાવડીમાં આવેલ બુધ્ધનગરમાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા ચાર શખ્સોને તાલુકા પોલીસે રુા. ૧૪૯૦૦ની રોકડ કબ્જે કરી હતી. જયારે છ જુગારીઓ ફરાર થઈ જતાં તેની શોધખોળ હાથ ધરી હતી.દરોડાની વિગત મુજબ તાલુકા પોલીસ મથકના પીએસઆઇ કારેણા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે કોન્સ. જયદિપ દેવમુરારીને મળેલ ચોક્કસ બાતમીના આધારે વાવડીમાં ગૌતમ બુધ્ધનગર શેરી નં.૨માં જાહેરમાં તીનપતીના ચાલતા જુગારમાં દરોડો પાડતા નાસ-ભાગ મચી ગઈ હતી. દરોડા દરમ્યાન કિશોર ઉર્ફે રાજુ ભીખા રાઠોડ, મનસુખ મકવાણા, દીલીપ રાઠોડ અને રમેશ રાઠોડને દબોચી રુા. ૧૪૯૦૦ની રોકડ કબ્જે કરી હતી.

# વધુ ૧૫.૭ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત,૧૧૩ વેપારીને દંડ

રાજકોટ:મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આજેત્રણેય ઝોનમાંથી કુલ ૧૧૩ આસામીઓ પાસેથી ૧૫.૭ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૪,૧૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ખાણીપીણીની લારીઓ, પાનની દુકાનો સહિતના સ્થળે હજુ આવા પ્લાસ્ટિકનો ખુબ ઉપયોગ થઈ રહ્યાનું મનપાની ડ્રાઈવમાં રોજેરોજ જોવા મળી રહ્યું છે. સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ૫૭ આસામીઓ પાસેથી ૬.૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩,૯૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનમાં પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૨ આસામીઓ પાસેથી ૪.૬ કિલો પ્લાસ્ટિક જપ્ત



કરી રૂ. ૯,૪૫૦નો વહીવટી ચાર્જ તથા ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૪.૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૦,૭૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો.આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચના અને ના.કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

# ઉછીના આપેલા રૂપિયા પરત માંગતા દંપતી પર ત્રણ શખ્સનો હુમલો

રાજકોટ:મનહરપુર-૧ માં આઈ માતાનગર શેરીમાં ઉછીના આપેલા દોઢ લાખ રૂપિયા પરત માંગતા દંપતી પર સાઢુભાઇ સહિત ત્રણ શખ્સએ તવી અને પાઈપથી હુમલો કરતાં દંપતીને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવા ચક્રો ગતિમાન કર્યા હતાં.બનાવ અંગે મનહરપુર-૧ માં આઈ માતાનગર શેરી નં.૭ માં રહેતાં રાણાભાઇ અવધુભાઇ શર્મા (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રણવીજય શર્મા, સુનિલ શર્મા, બ્રિજેશ શર્માનું નામ આપતાં યુનિવર્સિટી પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કલરકામની મજૂરી કામ કરે છે. ગઈ રાત્રિના દશેક વાગ્યાની આસપાસ તેમના મારા મોબાઈલમાં તેના સાઢુભાઈ રણવિજય શર્માનો ફોન આવેલ અને કહેલ કે, હું તમારા પૈસા લઈને ભાગી નથી જવાનો તેમ કહી ગાળો દેવા લાગેલ જેથી તેને શા માટે ગાળો આપો છો હું તમારા ઘરે આવું છું તેમ કહી ફોન કાપી નાખેલ બાદ તેઓ પત્ની અને પુત્રી સાથે આગળની શેરીમાં રહેતાં સાઢુભાઈના ઘર પાસે ગયેલ હતાં.તેઓના સાઢુભાઈને અકસ્માત થયેલ ત્યારે તેના સારવાર માટે દોઢ લાખ રૂપિયા આપેલા અને તે પૈસા પાછા આપેલા ન હોય જેથી તેને કહેલ કે, તમો પૈસા આપતા નથી અને ગાળો આપો છો શા માટે? તેમ કહેતા રણવિજય શર્મા, સુનીલ શર્મા અને બ્રિજેશ શર્મા હાથમાં લોખંડનો સળીયો અને પાઈપ લઈ આવી હુમલો કર્યો હતો.દરમિયાન આરોપી સુનિલે લોખંડનો તવો માથામાં ઝીંકી દેતાં લોહી નીકળવા લાગેલ અને રણવિજય તેમજ બ્રિજેશ તેના હાથમાં રહેલા સળિયા-પાઈપથી બેફામ ફટકારવા લાગેલ હતાં. દરમિયાન બચાવવા તેની પત્ની વચ્ચે પડતા સુનિલે લોખંડના તવાથી ફટકારી હાથમાં ઈજા કરતાં લોહીલુહાણ થઈ ગઈ હતી. બાદમાં લોકો એકઠાં થઈ જતાં દંપતીને ૧૦૮ મારફતે સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી ત્રણેય આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# સરકારી ક્વાર્ટર પર કબ્જો જમાવી લેનારની ધરપકડ

રાજકોટ:જામનગર રોડ પર પથિક આશ્રમની બાજુમાં આવેલ બંધ સરકારી ક્વાર્ટરના તાળાં તોડી એક શખ્સે ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. રાજકોટ વિભાગની આઈજી કચેરીમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા એસ.બી.ગોહિલે વિરાટ મેઈન રોડ પર આવેલા બાબરિયા કોલોનીમાં રહેતા અજિત ઈસ્માઈલ સુમરા નામના શખ્સ સામે પ્રદ્યુમ્નનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે આઈજી કચેરીના એકાઉન્ટ શાખામાં ફરજ બજાવતા જુનિયર ક્લાર્કની ફરિયાદ મુજબ, તેમને કચેરી તરફથી ફાળવવામાં આવતા સરકારી આવાસ તેમજ બિન રહેણાક ખાલી મકાન ચેક કરવાની કામગીરી કરવાની હોય છે.દરમિયાન એક મહિના પૂર્વે - જામનગર રોડ, પથિકા આશ્રમની - બાજુમાં અમારી કચેરી હસ્તકનામુખ્ય ક્લાર્કનું સરકારી ક્વાર્ટર આવેલું હોય તે ચેક કર્યું હતું. આ ક્વાર્ટર પર સરકારી તાળું અને ઓફિસનું બોર્ડ પણ લગાડેલું હતું. ત્યારે રવિવારે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં આવાસમાંથી પસાર થતા હતા. ત્યારે પોતાની કચેરીના બંધ ક્વાર્ટરનું તાળું જોવા મળ્યું ન હતું. એટલું જ નહિ ક્વાર્ટરમાં લગાડેલું કચેરીનું બોર્ડ - પણ નજરે પડયું ન હતું. જેથી પોતે તે ક્વાર્ટરમાં તપાસ કરવા જતા અંદર એક પાણીનું માટલું, બે ખુરશી જોવા મળી હતી. આમ બંધ ક્વાર્ટરનું - તાળું તૂટેલું અને ક્વાર્ટરમાં અંદર - સામાન જોવા મળતા તુરંત કચેરીના અધિક્ષકને ફોન કરી બનાવ અંગે જાણ કરી હતી.ત્યાર બાદ અધિકારીએ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જે સૂચના બાદ પોતે ક્વાર્ટરથી નીકળી પોલીસ મથક જવા નીકળતા એક શખ્સ પોતાને સામેથી મળવા આવ્યો હતો. અને તેને કહ્યું કે, તમારી કચેરીનું તાળું મેં થોડા દિવસ પહેલા તોડયું છે. જેથી તાળું તોડવા અંગે પૂછતા તેણે એવું જણાવ્યું કે, મારા સસરા ઘણા વર્ષો અગાઉ અહીં રહેતા હતા અને હવે આ ક્વાર્ટરનો કબજો મારો છે. સરકારી ક્વાર્ટરનું તાળું તોડનારનું નામ પૂછતા તે બાબરિયા કોલોનીમાં રહેતો અજિત સુમરા હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પી.કે. પઢિયારે ગુનો નોંધી રિક્ષાચાલક અજિત સુમરાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# તમે કોનો એજન્ડા ચલાવો છો? રૂપાલા ભડક્યા



રાજકોટ:

રાજકોટ લોકસભા બેઠક પર જે રીતે વિવાદ સર્જાયો છે તેનાથી ભાજપના ઉમેદવાર પરસોતમ રુપાલાને હવે કોઈ પ્રશ્ન પૂછે તો પણ તેઓ અકળાઈ જાય છે. ગઈકાલે સુરતમાં તેઓએ પાટીદાર સમાજને રાજકોટ સંસદીય મત વિસ્તારમાં વસતા તેમના સંબંધીઓએ-મિત્રો અને ઓળખીતાઓને પોસ્ટકાર્ડ લખીને ભાજપને મત આપવા અપીલ કરી અને કહ્યું કે દરેક વ્યકિત ઓછામાં ઓછા ૫૦ પોસ્ટકાર્ડ લખે તો ભયો...ભયો... થઈ જશે પરંતુ બાદમાં વરાછામાં તેઓને પત્રકાર મળી ગયા છે અને તેમને ક્ષત્રિય આંદોલન અંગે પ્રશ્ન પૂછાતા તેઓ ભડકી ગયા હતા અને કહ્યું કે અહીં તો મુકો.જો કે પત્રકારોએ પ્રશ્નનો જવાબ ચાલુ રાખતા તેઓએ સીધો પ્રશ્ન પૂછ્યો કે તમે કોનો એજન્ડા ચલાવો છો.

# મહાન ક્રાંતિકારી,વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ: ડો. કેશવરાવ બલિરામ હેડગેવાર

આપણા દેશમાં કાલગણના માટે ઘણી પદ્ઘતીઓ છે. પરંતુ આ પદ્ઘતી ઈ.સ.પહેલાની વૈદીક કાલગણના મુજબની ખુબ જ પ્રાચીન પદ્ધતિ છે. આજના દિવસે બ્રહ્માજીએ સૃષ્ટીનું નિર્માણ કરેલુ. સમ્રાટ વિક્રમાદિત્ય દ્વારા વિક્રમી સંવતનો શુભારંભ, મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો રાજ્યાભિષેક, દશાવતારમાં મત્સ્ય અવતાર અવતરણ,આ દિવસે સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા આર્યસમાજની સ્થાપના થઈ. નવરાત્રીનો પ્રારંભ (શક્તિની આરાધના) તથા ભગવાન ઝૂલેલાલ નો જન્મ દિવસ જેવા દિવસો છે. આજ દિવસે નાગપુરમાં એક મહાન દેશભકત ડૉ. કેશવરાવ બલીરામ હેડગેવારનો જન્મ થયેલ. જેમણે વિશ્વનું સૌથી મોટું દેશભકત સંગઠન એવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરેલ. આ મહાન દેશભકત વિશે થોડું જાણીએ.

માટીમાંથી મર્દોનું સર્જન કરનાર એવા મહાન ક્રાંતિકારી,ડૉ. કેશવરાવ બલીરામ હેડગેવાર જે મહાપુરુષની પ્રેરણા અને જ્ઞાનને લીધે આપણને કાર્ય કરવાની પ્રેરણા જાગૃત થાય છે, કે જેમને આજે વર્ષો બાદ પણ આજે યાદ કરીએ છીએ તે દેશભકત વિશે જાણીએ.

જેમનો જન્મ ચૈત્ર સુદી એકમ-ગુડીપડવો વર્ષ પ્રતિપદા ૧, એપ્રિલ ૧૮૮૯ના રોજ થયો હતો. ફકત બાર વર્ષની ઉંમરે માતા રેવતીબાઈ અને પિતા બલીરામજીનું હૃદયદ્રાવક અવસાન થયું. કાકા આબાજી હેડગેવારની છત્રછાયામાં બાળપણ વિતાવ્યું. છત્રપતિ શિવાજી મહારાજની વાર્તાઓમાંથી સ્ફૂર્તિ પ્રાપ્ત કરી.

નાનપણથી જ દેશભકિતની દાજ: સીતાબરડી કિલ્લા ઉપરથી યુનિયન જેક ઉતારી ભગવો ધ્વજ ફરકાવવાની યોજના. નાનપણ સ્કૂલ માં, વંદે માતરમ્ આંદોલનની શરૂઆત કરી. આખી હાઈસ્કુલમાં જરૂરી સફળતા. બંને નિવાસીય હાઈસ્કુલમાંથી બરતરફી થઈ. ત્યારબાદ યવતમાળ અને પૂનામાં શિક્ષણ પુરું કર્યા બાદ ૧૯૧૦માં કલકત્તામાં દાકતરીનો અભ્યાસ શરૂ કર્યો. આમ બંગાળ એટલે આખા ભારતનું ક્રાંતીકારી ઘર. આમ ચાલુ અભ્યાસે બંગાળી જીવન સાથે સમરસતા કેળવી લીધી. મહાન ક્રાંતીકારીઓ શ્રી શ્યામસુંદર ચક્રવર્તી, શ્રી મોતીલાલ



ચૈત્ર સુદ એકમ, ગુડી પડવો, તા. ૯-૪-૨૦૨૪ મંગળવાર જન્મદિવસ

ઘોષ, 'અમૃત બઝાર પત્રીકા' ના સંપાદક અને તે સમયના ક્રાંતિકારી નેતાઓ સાથે ગાઢ પરિચય અને આ ક્રાંતિકારી વડે દેશભકિતના કામમાં જોડાણા. આ ક્રાંતિકારીઓ થી છુપી પોલીસ પણ થાકી જતા. ૧૯૧૪ માં એલ.એમ.એસ. ની પરીક્ષા પાસ કરી. બાદ એક વર્ષ સુધી કલકત્તામાં જ નિવાસ કરીને રહ્યા. ૧૯૧૬ માં નાગપુર પાછા ફરવું. નોકરી કે નિર્વાહની ચિંતા. ૧૦ વર્ષનો મંથનકાળ, કોંગ્રેસ, હિંદુ મહાસભા તેમજ ક્રાંતીકારી દળો સાથે સામાજીક આંદોલનમાં પુરા જોશથી કાર્ય કર્યું. તેમના મનમાં સતત એક પ્રશ્ન ઊઠતો હતો કે દેશ ગુલામ કેમ બન્યો? નાગપુરમાં અસહયોગ સપ્તાહ ઉજવવા માટે નિમાયેલી સમિતિના મંત્રીઓમાં ડૉકટરજી પણ હતા.

૧૯૨૦ના કોંગ્રેસના નાગપુર અધિવેશન વેળાએ ડૉકટરજી કોંગ્રેસ સ્વયંસેવક દળ ના પ્રમુખ હતા. બહુ ઓછા લોકોને એ વાતની ખબર હશે કે આ અધિવેશનમાં ''લોકતંત્ર ની સ્થાપના અને દુનિયાના તમામ દેશોની પૂંજીવાદી શિકતઅદથી મુકિત''ની માંગણીના ઠરાવના જનક ''નાગપુર નેશનલ યુનિયન''ના ડૉકટર હેડગેવાર જ હતા.

બાદ ૧૯૨૧ માં અસહકાર આંદોલનમાં પહેલા કારાવાસ કર્યા બાદ તમામ દેશભક્તિના આંદોલનમાંઅને હિંદુ સમાજમાં શું ત્રુટી છે તે અંગેનું મનન કરી.

ઈ.સ. ૧૯૨૫માં વિજયાદશમીના શુભ દિવસે નાગપુર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી. ફકત વાતો નહીં પણ વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ ના સ્પષ્ટ વિચાર સાથે કોઈપણ કાર્યની શરૂઆત પોતાનાથી કરતા. અને એકવાર અમરાવતી નાગપુર રોડ પરેડ માટે આડગાંવથી ૩૫ માઈલ પગે ચાલીને ગયા.

૧૯૩૦માં સત્યાગ્રહમાં અકોલા જેલમાં કારાવાસ. બે વર્ષ કારાવાસમાં ફક્ત દેશભક્તિ, સંઘની ચિંતા. આમ સંઘની શકિત વધતી ગઇ. ૧૯૩૨ અને ૩૪ માં મધ્યપ્રાંત સરકારે એક સરકારી પત્રક દ્વારા સંઘની ઉપર કરેલા આક્ષેપો અને તેનું યોગ્ય ખંડન કર્યું. દારિદ્રય પરવા કર્યા વગર કાર્યમાં અગ્રેસર રહેવાની વૃત્તિ, તન, મન, ધનથી સેવા કરવાની. આમ પોતાના દેશભક્તિ કાર્યમાં શ્રેષ્ઠ ચરિત્ર રહ્યું હતું. શત્રુ પણ તેમને આંગળી ચીંધી ન શકે. 'લાંબુ જીવવાની મને ઈચ્છા નથી. મારું કાર્ય એ જ મારું જીવન છે.'૧૯૩૯માં સખત પરીશ્રમને હિસાબે બિમાર પડયા. ૨૦ જુન, ૧૯૪૦ના રોજ મૃત્યુ પહેલાના દિવસે સંઘ કાર્યની જવાબદારી મા. શ્રી ગુરૂજીને સોંપી અને આવા ઋષિતુલ્ય દેશભકતે ૨૧ જુન, ૧૯૪૦ના દિવસ નાગપુરમાં અવસાન પામ્યા.

# મારા પુત્રને કેમ એક્ટિવા ચલાવવાની ના પાડો છો કહેતા ભરવાડ બંધુ પર હુમલો

## ગંભીર રીતે ઘવાયેલા બંધુઓને સારવારમાં ખસેડાયા



રાજકોટ:ચુનારાવડ ચોકમાં મારા પુત્રને કેમ એક્ટિવા ચલાવવાની ના પાડો છો કહેતાં ભરવાડ બંધુ પર ધોકાથી હિચકારો હુમલો કરતાં બંને ભાઈઓને સારવારમાં ખસેડયા હતાં. બનાવ અંગે થોરાળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે ભાવનગર રોડ પર મનહરપરા શેરી નં.૩ માં રહેતાં બચુભાઈ લક્ષ્મણભાઈ ધોળકિયા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કિશન રાજુ જોગરાણા, મેહુલ રાજુ જોગરાણા, રાજુ ગેલા જોગરાણા અને રઘુ ગેલા જોગરાણાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ચુનારવાડ ચોક પાસે ચા ની હોટલ ચલાવી વેપાર કરે છે. ગઈ રાત્રિના તેઓ ચાની હોટલ પર વેપાર કરતો હતાં ત્યારે ચા નીહોટલે તેમનો ૧૫ વર્ષનો પુત્ર યશ આવેલ અને કહેલ કે, પપ્પા હું જ્યારે શાળા જવાના રસ્તા બાજુ મારી સાયકલ લઈને જતો હોઉં છું ત્યારે આપણા સંબંધી કિશન તેમનું એકટીવા વચ્ચે નાખે છે અને મને હેરાન કરતા હોય છે. જેથી તેઓ દુકાનેથી કિશનના ઘર તરફ જતા તે શેરીમાં રોડ ઉપર એક્ટિવા પર બેઠો હતો તેને ઠપકો આપતા કહેલ કે, તમે મારા દીકરાને કેમ હેરાન કરો છો અને તે સાયકલ ચલાવે છે ત્યારે તમારું એકટીવા વચ્ચે કેમ નાખો છો તેમ કહેતા તે ઉશ્કેરાય ગયેલ અને કહેવા લાગેલ તમે મારી સાથે ઝઘડો કરવા માટે આવેલ છે ઊભા રહો હું મારા ભાઈ અને સંબંધીને બોલાવું તેમ કહીં તેમને સંબંધીને બોલાવી ઝઘડો કરી ગાળો બોલવા લાગેલ અને તેનો ભાઈ મેહુલ, પિતા રાજુ, કાકા રઘુ ઘસી આવી તેમને પકડી ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને કિશને લાકડાના ધોકા વડે માથાના ભાગે એક ઘા ઝીંકી દિધો હતો. દરમિયાન તેમનો ભાઈ બચાવવા દોડી આવતાં તેને પણ આરોપીએ ધોકાથી માથામાં ઘા ઝીંકતા બંને ભાઈઓ લોહીલુહાણ થઈ ગયાં હતાં. બંને ભાઈઓને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# બફાટથી દુર રહેવા સૂચના છતાં પણ પ્રશાંત કોરાટ અને બાબુ જમના પટેલે કરેલા વિધાનોથી ફરી વિવાદ



રાજકોટ:રાજકોટ લોકસભા બેઠક પર પરસોતમ રૂપાલાએ કરેલા વિધાનોના મુદે ભાજપ સાવચેતીપૂર્વક ડેમેજ કંટ્રોલ કરી રહ્યું છે અને અગાઉ જ પક્ષના નેતાઓને વિવાદી વિધાનોથી દુર રહેવા ખાસ તાકીદ કરી હતી પરંતુ જે રીતે ગઈકાલે ભાજપના જ બે નેતાઓએ કરેલા વિધાનોથી ફરી એક વખત વિવાદ સર્જાય તેવી ધારણા છે.યુવા ભાજપના પ્રમુખ પ્રશાંત કોરાટે વડોદરામાં એક કાર્યક્રમમાં ક્ષત્રિય આંદોલન માટે કોંગ્રેસને જવાબદાર ગણાવી હતી અને કહ્યું કે કોંગ્રેસ પાસે કોઈ મુદા નથી અને વર્ગવિગ્રહ ફેલાવા માંગે છે. તેમણે આ રીતે ક્ષત્રિય આંદોલનને રાજકીય સ્વરૂપ આપવાની કોશિશ કરી જો કે ક્ષત્રિય સમાજે અગાઉ જ સ્પષ્ટ કર્યુ છે કે તેમના આંદોલનને રાજકારણ સાથે કોઈ લાગતુ વળગતુ નથી.રૂપાલાને બદલીને ભાજપ જેને ટિકીટ આપે તેને જીતાડવા ક્ષત્રિય સમાજ કામ કરશે પણ પ્રશાંત કોરાટે જે વિધાનો કર્યા તેનાથી નવો વિવાદ સર્જાય તેવા સંકેત મળતા જ કોરાટ વડોદરાથી અમરેલી પહોંચ્યા તો તેમના વિધાનોને મારી મચડીને રજુ કરાયા નો દાવો કરીને મીડીયા પર દોષનો ટોપલો ઢાળવાની કોશિશ કરી હતી પરંતુ તેમના વડોદરા વિધાનોનો વિડીયો ત્યાં સુધીમાં વાયરલ થઈ ગયો હતો.તો બીજી તરફ અમદાવાદના ધારાસભ્ય બાબુ જમના પટેલે એવું વિધાન કર્યુ કે ક્ષત્રિય સમાજના ૫-૫૦૦૦૦ મત ભાજપને મળે કે ન મળે તેનાથી કોઈ ફર્ક પડતો નથી અને આ વિધાનાથી પણ ભાજપને ડેમેજ વધવાની ચિંતા હતી અને તેથી આંદોલનમાં ભાજપ સામે હવે તેના જ નેતાઓને કાબુમાં રાખવાની ચિંતા થઈ રહી છે.

# રાજકોટ શહેરમાં ઉનાળુ વેકેશનમાં શાળા બંધ રાખો: એન.એસ.યુ.આઈ.નું આવેદન

રાજકોટ: એન.એસ.યુ.આઇ. પ્રદેશ પ્રમુખ નરેન્દ્રવભાઇ સોલંકીના નેતૃત્વમમાં જિલ્લા શિક્ષણાધિકારીને વેકેશનમાં શાળા બંધ રાખવા અને ગેરકાયદે ફી બંધ કરવા માંગ કરી છે.

આ સમયે અંકિતભાઇ સોંદરવા, બ્રીજરાજસિંહ રાણા, આર્યનભાઇ પટેલ, વિશાલભાઇ રાઠોડ સહિતના જોડાયા હતા. એન.એસ.યુ.આઇ. એ જણાવ્યું છે કે, હાલ ધો. ૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થઇ છે. સેલ્ફ્ય ફાયનાન્સો સ્કુલો માત્રને માત્ર ફિના ઉઘરાણા કરવા માટે થઈને પરીક્ષા પૂર્ણ થયાના તરત જ ધોરણ ૧૧નું



અભ્યાનસક્રમ ચાલુ કરી દે છે. સ્કુઉલો વારંવાર સરકારશ્રીના વેકેશનના નિયમનો ઉલ્લંઘન કરે છે. એફ.આર.સી.એ નક્કી કરેલી ફી કરતા વધારે ફી વિદ્યાર્થી પાસે વસુલવાનું કામ થઇ રહ્યું છે. તો એના પર પણ કાયદેસરના પગલા લેવામાં આવે એવી માંગ છે.

# જુગારનો અડ્ડો ચલાવનાર મહેન્દ્રસિંહ જાડેજા પાસામાં ધકેલાયો

રાજકોટ: રાજકોટ જિલ્લામાં અસામાજીક પ્રવૃતિ સાથે સંડોવાયેલા શખ્સો સામેની કાર્યવાહીમાં રૂરલ ક્રાઈમ બ્રાંચે જુગારનો અડ્ડો ચલાવનાર શખ્સ સામે નીકળેલા પાસાના વોરંટની બજવણી કરી અટકાયત કરી સુરત જેલહવાલે કરેલ છે.રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની સુચના આધારે એલસીબી પીએસઆઈ એચ.સી.ગોહિલ, ડી.જી.બડવાએ જુગારનો અડ્ડો ચલાવનાર મહેન્દ્રસિંહ ભીખુભા જાડેજા રે. માણેકવાડા તા.કોટડાસાંગાણી વિરુદ્ધ પાસાની દરખાસ્ત કરતા જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રભવ જોષીએ દરખાસ્ત મંજુર કરી વોરંટ ઈસ્યુ કરતા મહેન્દ્રસિંહ જાડેજાની પાસા તળે અટકાયત કરી સુરત (લાજપોર) જેલ હવાલે કરવા તજવીજ હાથ ધરી છે.આ કામગીરી એલસીબી રાજકોટ ગ્રામ્યના પો.કોન્સ. વી.વી.ઓડેદરા તથા પો.સબ.ઈન્સ. એચ.સી.ગોહિલ તથા ડી.જી.બડવા તથા એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમીતસિંહ જાડેજા, બ્રીજરાજસિંહ જાડેજા તથા પો.હેડ કોન્સ. અનિલભાઈ ગુજરાતી, દિગ્વીજયસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ જાડેજા, હરેશભાઈ પરમાર તથા પો.કોન્સ. રસીકભાઈ જમોડ, મહીપાલસિંહ ચુડાસમા, અબ્બાસભાઈ ભારમલ, ભાવેશભાઈ મકવાણા, વિરમભાઈ સમૈયા વગેરે દ્વારા કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ભારત યુએસની ચૂંટણી સિસ્ટમ પર ચાઇના એટેક કરી શકે છે

૨૦૨૪માં વિશ્વના ઘણા દેશોમાં ચૂંટણી યોજાઈ રહી છે ખાસ કરીને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં પણ ચૂંટણી યોજવામાં આવી રહી છે વિશ્વની અંદર ભારતનું સૌથી મોટું ચૂંટણીનું તંત્ર ગોઠવાઈ ચૂક્યું છે આવી જ રીતે અમેરિકામાં પણ પ્રમુખ પદની ચૂંટણી યોજવાની છે અમેરિકા વિશ્વની સૌથી જૂની લોકશાહી છે અને ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે આ બંને દેશની લોકશાહીની ચૂંટણીમાં ચીન વિઘ્ન નાખવા માટે સજ્જ થયું છે ખાસ કરીને તે સાયબર એટેકથી માંડીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ ની મદદ લઈને ભારત અને અમેરિકાની ચૂંટણીને ડિસ્ટર્બ કરવા માટે ષડયંત્ર કરી રહ્યું છે ભારતમાં ચૂંટણીનો માહોલ જમતો જાય છે બીજી બાજુ ચીનમાં આમાં ડખો કરવા માટે સાયબર નિષ્ણાંતો તનતોડ મહેનત કરી રહ્યા છે જેથી ભારતને અમેરિકામાં અસ્થિરતા ફેલાય.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ દ્વારા અને પ્રકારના સાચા ખોટા ડેટા જનરેટ કરી શકાય છે ભારતની વસ્તી અને મતદારોની સંખ્યા બાબત ની અંદર મોટા ગરબડ ગોટાળા પણ કરી શકાય છે આવી જ રીતે મતદાન કરવાના એવીએમ મશીનને પણ ડેમેજ કરી શકાય છે આ મશીનને ફિઝિકલી નહીં પરંતુ તેના ઇન્ટરનેટ સાથે જોડાયેલા સોફ્ટવેરને ડેમેજ કરી શકાય છે ચીન તેમાં વાયરસ પણ મોકલી શકે છે આવા વાયરસ ડિજિટલ વાયરસ કહેવાય છે કોમ્પ્યુટર અને ઇન્ટરનેટમાં જે વાયરસ ફેલાય છે તે વાયરસ ડિજિટના રૂપમાં હોય છે જ્યાં આપમેળે દ્વ્રૈં઼ઙઅ પણ થઈ શકે છે અને ડેટાને કરપટ કરે છે જ્યારે માણસના શરીરમાં રોગ રૂપે જે વાયરસ આવે છે તે વાયરસને પેથોલોજીકલ વાઈરસ કહેવામાં આવે છે દાખલા તરીકે કોરોના ના વાયરસ શરદી ના વાયરસ ટીબીના વાઇરસ આ બધા વાયરસ ડિજિટલ નથી પણ પેથોલોજીકલ છે જે જીવંત હોય છે જ્યારે ડિજિટલ વાયરસ જીવંત હોતા નથી પરંતુ તે એક્ટિવ હોય છે ગતિશીલ હોય છે અને તે મૂળ ડેટા ની અંદર ભળી જઈને ગરબડ ગોટાળા પણ કરી શકે છે પેથોલોજીકલ વાઇરસ કરતા ડિજિટલ વાયરસ અતિ વ્યાપક પ્રમાણમાં સ્પ્રેડ થઈ શકે છે. હવા સાયબો રેટેકમાં પણ હવે મોટી ટેકનોલોજી આવી ગઈ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન દ્વારા આ કામ ખૂબ ઝડપથી અને ઓટોમેટિકલી થઈ શકે એમ છે ભારત અને અમેરિકાના સાઈબર સિક્યુરિટીના નિષ્ણાંતો ચીનના સંભવિત હુમલા સામે સજ્જર થઈ રહ્યા છે ભારતના બીજા રાજ્યોમાં ચૂંટણીનો જંગ જમતો જાય છે પરંતુ ગુજરાતમાં પ્રચાર ઓછો અને વાદવિવાદ અપરંપાર જેવી સ્થિતિ સર્જાતી જાય છે.

ગુજરાતમાં જ્ઞાતિઓ જાતિઓ તેમજ વિવિધ પ્રકારના સંગઠનો વચ્ચેના વિવાદો વધુ છે જોકે વિવાદો તો દરેક રાજ્યમાં ઓછા વત્તા પ્રમાણમાં હોય જ છે પરંતુ ગુજરાતની અંદર ચૂંટણીનો પ્રચાર ઓછો પણ વાદવિવાદ વધતા જાય છે બીજી બાજુ કોંગ્રેસના સારા સારા નેતાઓ ભાજપમાં સામેલ થઈ જતા કોંગ્રેસ માટેની મુશ્કેલીઓ વધતી જાય છે જ્યારે ભાજપ તો કોઈ પણ ક્ષણે ચૂંટણી જંગમાં ચૂકવવા માટે સજ્જ છે ત્યારે ચીન અદ્દશ્ય રીતે દખલગીરી કરવાના કાવતરા કરી રહ્યું છે તે સાઇબર એટેક કરશે.

# ખાનદાની - વફાદારી : માલિક - મજૂર

### ચાર ચાર પેઢીથી એક ગિરાસદાર પરિવાર અને તેને ત્યાં કામવાળા તરીકે એટલી જ પેઢીથી સેવા આપનાર મજૂર પરિવારનો વૃદ્ધ માણસ એકલો પડી ગયો ત્યારે તેની જીવલેણ બિમારી વખતે ગિરાસદાર પરિવાર તેની પડખે રહીને તેને બેઠો કરી દે છે

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

ખેડૂત ગિરાસદાર જાલમસંગને ત્યાં એવી તો રિયાસત કે ગાયો ભેંસોનાં ધણ અને બળદોની બે જોડ તથા ઘોડી, વાડી, ખેતર અને સીમની પૂરેપૂરી મિલકત છે. એનાં વાડી-ખેતરમાં કામ કરનારા માણસો અને ઘરે દરબારગઢમાં એના મજૂર માણસોનાં બૈરાં ને છોકરાંઓ આખો દી કામ કર્યા કરે. એને ત્યાં કામ કરનારા માણસો બધાં ગરીબ ઘરનાં એટલે અહીં એ સૌનું ગુજરાન નભતું. જાલમસંગ બાપુનો દેવ જેવો સ્વભાવ એટલે એની વાડીમાં, ખેતરમાં, એની સીમમાં, એના ડુંગરમાં ભેંસો ને ગાયો તથા બળદ ઘોડાને સાચવનારા ચાર પાંચ કુટુંબોની રોજી રોટી મળતી.

આ જાલમસંગ બાપુના પરિવારની ચાર પેઢી વીતી ગઈ. એને ત્યાં કામ કરનારા પરિવારોની પણ ચાર પેઢી પસાર થઈ ગઈ હતી. સમયે કરવટ બદલ્યું. કાળક્રમે દરબારની રિયાસત ઓછી થવા માંડી. એને ત્યાં કામ કરનારા પરિવારો એક પછી એક, એમ આ ગામડું છોડીને શહેર ભણી ઉછાળા ભરી ગયા. એક કુટુંબમાંથી એક સાઈઠ વર્ષની ઉંમરનો માણસ,જે આ ખોરડું છોડવા માંગતો ન હતો. એણે તો જે ધણી ધાર્યો એ જ સાચો. હવે એને બીજો કોઈ ધણી ન કરવો એવી ભાવના સાથે જાલમસંગ બાપુનું કુટુંબ છોડ્યું નહીં. આખરે તો તેના પરિવારમાં આ ગામડે કોઈ ન રહ્યું. એના ઘરવાળા પણ સ્વર્ગે સીધાવ્યા. એના છોકરાઓ મોટા થયા એટલે શહેર ભણી સ્થળાંતર કરી ગયા. અહીં આ એક બુઢો આખો દી બાપુનાં ખેતરવાડી અને ગઢનું વૈતરું કર્યા કરે છે.

દરબારગઢના વીઘા એક ફળિયાની વચ્ચે એક ઊંચું નાળિયેરીનું ઝાડ છે.તેની આસપાસ આખો દિવસ આ ફળિયે બુઢો માણસ કામ કર્યા કરે.એક દિવસ સાંજના ટાણે એને થયું કે નાળિયેરી એટલી બધી ઊંચી અને એના ઉપર સાત આઠ નાળિયેર પાકીને ટબા થઈ ગયાં છે. જાલમસંગ બાપુના ચોથી પેઢીના સંતાનોને આ નાળિયેરનું પાણી પાવા માટે હવે નાળિયેરી ઉપર ચડે એવું કોઈ નહોતું. એટલે પોતે હિંમત કરીને ધીમે ધીમે ધીમે નાળિયેરી ઉપર ચડ્યો. નાળિયેર તોડવામાં એના હાથ ટૂંકા પડે એટલે નાળિયેરીના ઉપરના થડિયે પોતાના બન્ને પગની આંટી વાળીને બે હાથે નાળિયેર તોડવા પ્રયત્ન કરતો રહ્યો.અચાનક એના હાથ અને પગ છૂટી ગયા. તે સીધો નાળિયેરીના મૂળ પાસે ક્યારામાં આવીને પટકાઈ પડ્યો.

ફળિયામાં ધબાકો સાંભળીને જાલમસંગ બાપુની ચોથી પેઢીના વારસદાર યુવાને દોડતાં આવીને જોયું તો એ કોથળાની જેમ નાળિયેરીના થડ પાસે પડ્યો હતો. એનો જીવ સલામત હતો. તેને બેઠો કરવા પ્રયત્ન કર્યો પણ એણે કહ્યું કે, ' બાપુ ! મારી કેડ ભાંગી ગઈ હોય એવું લાગે છે. '

આ ઉંમરે હાડકાં બરડ થઈ જવાથી કેલ્શિયમ ઘટી ગયું હોય અને ભાંગતૂટ થયા પછી સાજા થવામાં વાર તો લાગે જ. તેને બેઠો કરીને જાણ્યું તો તેના થાપાનું હાડકું ભાંગી ગયું હતું. એટલે એને જોળીમાં નાખીને જાલમસંગ બાપુના વારસદારે એને ધીમે ધીમે પોતાના ફોરવીલમાં સૂવડાવ્યો. શહેરમાં સરકારીને બદલે પ્રાઇવેટ દવાખાનામાં દાખલ કર્યો. ઓર્થોપેડિક સર્જને ઓપરેશન કરવા માટેની ફી રૂપિયા એંસી હજાર કીધા. આ તો જાલમસંગ બાપુનો પરિવાર ! ચાર ચાર પેઢીથી જેણે દરબારગઢથી માંડીને ખેતર-વાડી ને માલઢોર સહિત અહીંની આખી રિયાસતમાં સેવા કરી છે,એવો આ માણસ આજે ભાંગી પડ્યો. એની વૃદ્ધાવસ્થાએ પોતાના આખા પરિવારમાંથી કોઈ આ ગામમાં રહ્યું નથી. જેણે પોતે એકલા પંડ્યે આ દરબારનું ધણીપણું છોડ્યા વગર વફાદારી નિભાવી છે. તેને આત્યારે આ જાલમસંગ બાપુના ખાનદાને એંસી હજાર જેટલી ફી ભરીને ઓર્થોપેડિક સર્જનનું બીલ ચૂકવી દીધું



.એના પગે થાપાના હાડકાનું ઓપરેશન કરાવી આ દરબારના યુવકે એક મહિના સુધી પોતાના ગઢમાં રાખીને તેની સેવા કરી. એ માણસ હાલતો ચાલતો થયો એટલે વાડીમાં એને રહેવાની વ્યવસ્થા કરી આપી . એના કપડાંલતા, ખાવુંપીવું અને જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ બાપુના પરિવારે પૂરી પાડી છે. વૃદ્ધાવસ્થા સુધી એને રોટલો પૂરો પાડ્યો છે. આમ એ માણસને પોતાના સંતાનો શહેરમાં લઈ જઈને સુખી ન કરે એવું સુખ આ ખાનદાન પરિવારે આપ્યું છે. એ વૃદ્ધ માણસ બેઠો થઈ ગયો. દરબાર પરિવારે એની પૂરેપૂરી કાળજી લેવાની ચાલું રાખી. વળી, એ માણસે પોતાના માલિક-ધણીના ગઢથી વાડી સુધીનું કામ ઉપાડી લીધું. આ વાતને તો વર્ષો વીત્યાં પણ એ માલિક અને મજૂરમાં રહેલ અરસપરસની ખાનદાની કે વફાદારીનાં મૂલ એટલાં ઊંચા કે હજી આજેય એ વાત ભૂલાતી નથી.

# દુનિયાનો સૌથી મોટો કેમેરો તૈયાર



૩૨૦૦ મેગાપિક્સલનો લેન્સ : બ્રહ્માંડના રહસ્યો ઉજાગર કરશે

અંતરીક્ષના અભ્યાસ માટે વૈજ્ઞાનિકોએ વિશ્વનો સૌથી મોટો ડિજિટલ કેમેરા બનાવ્યો છે. આ કેમેરા ૩૨૦૦ મેગાપિક્સલનો છે. ‘લેગસી સર્વે ઓફ સ્પેસ એન્ડ ટાઈમ’ કેમેરાને ચિલીમાં હાજર રુબિન ઓબ્ઝર્વેટરીના સિમોની સર્વે ટેલિસ્કોપમાં લગાવવામાં આવશે.

આ કેમેરા નાની કારના આકારનો છે. તેનું વજન ૩૦૦૦ કિલોગ્રામ છે. તેનો આગળનો લેન્સ ૧.૫ મીટર એટલે લગભગ ૫ ફીટના વ્યાસનો છે. જ્યારે, બીજો લેન્સ ૩ ફીટ પહોળો છે. આ બંને લેન્સને ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા વેક્યુમ ચેમ્બરમાં સેટ કરવામાં આવ્યો છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી ઓફિસ ઓફ સાયન્સ દ્વારા ખગોળશાસ્ત્રીય તકનીકમાં મહત્ત્વપૂર્ણ એવા એલએસએસટી કેમેરાને બનાવવા માટે યોગદાન આપવામાં આવ્યું છે. બ્રહ્માંડના રહસ્યો ઉજાગર કરવાની ક્ષમતા ધરાવતા આ કેમેરાને બનાવવામાં વૈજ્ઞાનિકોને ૨૦ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. વૈજ્ઞાનિકોને ભરસો છે કે, આ કેમેરા અંતરીક્ષની એચડી તસવીર લેવા સક્ષમ છે. આ કેમેરા કોસમોસની વિગતો મેળવવાની સાથે ડાર્ક મેટર, ડાર્ક એનર્જી, આકાશગંગા અને સૌરમંડળનો અભ્યાસ કરવા મદદ કરશે. યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનના પ્રોફેસરજેલ્કો ઈવેજિકના જણાવ્યા અનુસાર, આ કેમેરા અંતરીક્ષની નવી ફિલ્મો બનાવવાની સાથે સુંદર તસવીરો લેશે.

# મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને જીઆઈ ટેગ

વિશેષ

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના નાના શહેર મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન (જીઆઈ) ટેગ મળ્યો છે. આ પ્રદેશ સંગીતનાં સાધનો બનાવવાની કારીગરી માટે જાણીતો છે. ઉત્પાદકોએ દાવો કર્યો હતો કે આ સાધનો મિરજમાં બનાવવામાં આવે છે અને શાસ્ત્રીય સંગીતના કલાકારો તેમજ ફિલ્મ ઉદ્યોગના જાણીતા કલાકારોમાં તેની ભારે ડિમાન્ડ હોય છે.

ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં ઉત્પાદિત પ્રોડક્ટને જીઆઈ ટેગ મળે છે અને આ ઉત્પાદનના વ્યાવસાયિક મૂલ્યમાં વૃદ્ધિ કરે છે. સંગીતના આ સાધનોના નિર્માતાઓએ જણાવ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરા બનાવવાની પરંપરા ૩૦૦ વર્ષથી વધુ જૂની છે. સાત પેઢીઓથી વધુ સમયથી કારીગરો આ તંતુવાદ્યો બનાવે છે.

૩૦ માર્ચના રોજ ભારત સરકારની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફિસે સિતાર માટે મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને તાનપુરા માટે સોલ્યુટ્યુન મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ પ્રોડ્યુસર ફર્મને જીઆઈ ટેગ આપ્યો હતો. મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ ક્લસ્ટરના પ્રમુખ મોહસિન મિરજકરે જણાવ્યું હતું કે તેઓ શહેરમાં સિતાર અને તાનપુરાના બંને ઉત્પાદકો માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કામ કરે છે. તેમણે જણાવ્યું હતું કે તેમની સંસ્થામાં ૪૫૦ થી વધુ કારીગરો સિતાર અને તાનપુરા સહિતના સંગીતનાં સાધનો બનાવે છે. તેમણે કહ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરાની ખૂબ માગ છે, પરંતુ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ મર્યાદિત સંસાધનોને કારણે માગ પૂરી કરી શકાતી નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે મિરજ નિર્મિત હોવાનો દાવો કરતા સંગીતનાં સાધનો દેશના ઘણા ભાગોમાં વેચાય છે. જ્યારે અમને આ અંગે ફરિયાદો મળવા લાગી, ત્યારે અમે ઇન્સ્ટ્રુમેન્ટ માટે જીઆઈ ટેગ મેળવવાનું નક્કી કર્યું અને ૨૦૨૧માં તેના માટે અરજી કરી હતી.

# લાઈટ પોલ્યુશનની ભયાનક અસર

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

### કૃત્રિમ પ્રકાશ સામે આવી જતા દરિયા માર્ગે દૂર દૂરથી આવતા યાયાવર પક્ષીઓ ભટકાઈને મૃત્યુ પામે છે અથવા તેમના ઊર્જા અનામતનો મોટો જથ્થો ગુમાવે છે અને થાકી જાય છે ઉડી શકતા નથી આથી તે દરિયામાં અથવા જમીન પર પડીને મૃત્યુ પામે છે દાખલા તરીકે, ઉત્તર સમુદ્રમાં આવું બને છે, જ્યાં નિશાચર રીતે સ્થળાંતર કરતા પક્ષીઓની સંખ્યા ઘણી ઓફશોર પ્લેટફોર્મ્સ તરફ આકર્ષાય છે અને તેની સાથે ભટકાઈને મૃત્યુ પામે છે



પોલ્યુશન માત્ર હવાનું પાણીનું કે વાયુનું જ નથી થતું પરંતુ લાઇટ એટલે પ્રકાશનું પણ પોલ્યુશન થાય છે જેને લાઈટ પોલ્યુશન કહેવામાં આવે છે આ લાઈટ પોલ્યુશનને કારણે જે અસરો થાય છે તે માની ન શકાય તેવી ભયંકર છે અચાનક જળહળથી ફ્રોડ લાઈટોને કારણે માણસની આંખો અજાય છે તે જ રીતે પક્ષીઓ પ્રાણીઓની આંખો પણ જાય છે થોડીવાર માટે તેને દેખાતું બંધ થાય છે અને તે મિસ ગાઈડ થઈ જાય છે દિશા ભૂલી જાય છે અને આકાશમાં ઉડતા પક્ષીઓ બિલ્ડીંગ સાથે કે અન્ય કોઈ ટાવર સાથે ભટકાઈને નષ્ટ થાય છે

ભાવનગરમાં કુંભારવાડે આવેલા પીજીવીએસએલના ઊંચા ટાવર સાથે અને તેના વાયર સાથે ભટકાઈને અસંખ્ય પક્ષીઓ કે જેવો દૂર દૂરથી ઉડીને આવે છે તેના મરણ પામવાના અનેક ઘટનાઓ બને છે પરંતુ માત્ર ભાવનગરના નહીં પણ ગુજરાતના પર્યાવરણ પ્રેમીઓ આ બાબતમાં કોઈપણ જાતની જાગૃતિ દાખવતા નથી તે આપણા માટે સારી બાબત નથી. અબજો વર્ષોથી, તમામ જીવન પૃથ્વીની દિવસ અને રાત્રિની ઘટમાળ રોજ જુએ છે અને તેને અનુરૂપ તે પોતાના જીવનને અને મનને એડજસ્ટ કરે છે

અને પ્રાણીઓના ડીએનએમાં એન્કોડેડ છે. માણસોએ રાત્રીના પ્રકાશ દ્વારા આ ચક્રને ધરમૂળથી ખરાબ કરી નાખ્યું છે.

છોડ અને પ્રાણીઓ પ્રજનન, પોષણ, ઊંઘ અને શિકારીથી રક્ષણ જેવા જીવન ટકાવી રાખવાની વર્તણૂકોને સંચાલિત કરવા માટે પૃથ્વીના પ્રકાશ અને અંધારાના દૈનિક ચક્ર પર આધાર રાખે છે.

વૈજ્ઞાનિક પુરાવા સૂચવે છે કે રાત્રે કૃત્રિમ પ્રકાશ ઉભયજીવીઓ, પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, જંતુઓ અને છોડ સહિત ઘણા જીવો પર નકારાત્મક અને ઘાતક અસરો કરે છે. આવી જ રીતે કૃત્રિમ લાઇટ્સ વિશ્વની ઇકોસિસ્ટમને વિક્ષેપિત કરે છે

નિશાચર પ્રાણીઓ દિવસ દરમિયાન ઊંઘે છે અને રાત્રે સક્રિય હોય છે. પ્રકાશ પ્રદૂષણ રાતને દિવસમાં ફેરવીને તેમના રાત્રિના વાતાવરણમાં ધરમૂળથી ફેરફાર કરે છે. સંશોધન વૈજ્ઞાનિક ક્રિસ્ટોફર કાયબાના જણાવ્યા મુજબ, નિશાચર પ્રાણીઓ માટે "કૃત્રિમ પ્રકાશનો પરિચય સંભવત: મનુષ્યોએ તેમના પર્યાવરણમાં કરેલા સૌથી તીવ્ર ફેરફારને રજૂ કરે છે."

"શિકારીઓ શિકાર માટે પ્રકાશનો ઉપયોગ કરે છે, અને શિકારની પ્રજાતિઓ અંધકારનો ઉપયોગ કવર તરીકે કરે છે," કાયબા સમજાવે છે. “શહેરોની નજીક, વાદળછાયું આકાશ ૨૦૦ વર્ષ પહેલાં કરતાં સેંકડો અથવા તો હજારો ગણું વધુ તેજસ્વી છે. નિશાચર ઇકોલોજી પર આની શું ગંભીર અસર પડી છે તે અમે શીખવાનું શરૂ કર્યું છે.”

કૃત્રિમ લાઇટોમાંથી ઝગઝગાટ ભીની જમીનના આવાસોને પણ અસર કરી શકે છે જે દેડકા અને દેડકા જેવા ઉભયજીવીઓનું ઘર છે, જેમની રાત્રિના સમયે ક્રોકિંગ એ સંવર્ધન વિધિનો એક ભાગ છે. કૃત્રિમ લાઇટ્સ આ નિશાચર પ્રવૃત્તિને વિક્ષેપિત કરે છે, પ્રજનનમાં દખલ કરે છે અને વસ્તી ઘટાડે છે.

"જ્યારે આપણે પર્યાવરણમાં પ્રકાશ ઉમેરીએ છીએ, ત્યારે તે લેન્ડસ્કેપ કેન પર બુલડોઝર ચલાવવાની જેમ રહેઠાણને વિક્ષેપિત કરવાની ક્ષમતા ધરાવે છે." કૃત્રિમ લાઈટો દરિયાઈ કાચબાને તેમના મૃત્યુ તરફ દોરી શકે છે હેચલિંગ લોગરહેડ દરિયાઈ કાચબો સલામતી તરફ સમુદ્ર તરફ જવાને બદલે માનવ નિર્મિત લાઇટને અનુસરીને અંદર તરફ વળે છે. (ફોટો ક્રેડિટ: બ્લેર વિથરિંગ્ટન) દરિયાઈ કાચબા સમુદ્રમાં રહે છે પરંતુ બીચ પર રાત્રે ઉછરે છે. બચ્ચાઓ સમુદ્ર પરની તેજસ્વી ક્ષિતિજને શોધીને સમુદ્ર શોધે છે. કૃત્રિમ લાઇટ્સ તેમને સમુદ્રથી દૂર ખેંચે છે. એકલા ફ્લોરિડામાં દર વર્ષે લાખો બચ્ચાઓ આ રીતે મૃત્યુ પામે છે. કૃત્રિમ લાઇટની ઘણી પક્ષીઓની પ્રજાતિઓ પર વિનાશક અસર પડે છે

પક્ષીઓ જે રાત્રે સ્થળાંતર કરે છે અથવા શિકાર કરે છે તે મૂનલાઇટ અને સ્ટારલાઇટ દ્વારા શોધખોળ કરે છે. કૃત્રિમ પ્રકાશ તેમને માર્ગથી દૂર અને શહેરોના રાત્રિના સમયે ખતરનાક લેન્ડસ્કેપ્સ તરફ ભટકવાનું કારણ બની શકે છે. દર વર્ષે લાખો પક્ષીઓ બિનજરૂરી રીતે પ્રકાશિત ઇમારતો અને ટાવર સાથે અથડાતા મૃત્યુ પામે છે. સ્થળાંતર કરનારા પક્ષીઓ યોગ્ય સમયબદ્ધ મોસમી સમયપત્રકના સંકેતો પર આધાર રાખે છે. કૃત્રિમ લાઇટ્સ તેમને ખૂબ વહેલા અથવા ખૂબ મોડેથી સ્થળાંતર કરી શકે છે અને માળો બાંધવા, ઘાસચારો અને અન્ય વર્તણૂકો માટે આદર્શ આબોહવાની પરિસ્થિતિઓને ચૂકી શકે છે.

તેમની ઇકોલોજીકલ ભૂમિકા ઉપરાંત, ફાયરફ્લાય બાળકો અને પુખ્ત વયના લોકો માટે આશ્ચર્ય અને આનંદનો સ્રોત છે.

ઘણા જંતુઓ પ્રકાશ તરફ ખેંચાય છે, પરંતુ કૃત્રિમ લાઇટ જીવલેણ આકર્ષણ પેદા કરી શકે છે. ઘટતી જંતુઓની વસ્તી ખોરાક અથવા પરાગનયન માટે જંતુઓ પર આધાર રાખતી તમામ પ્રજાતિઓ પર નકારાત્મક અસર કરે છે. કેટલાક શિકારી તેમના ફાયદા માટે આ આકર્ષણનો ઉપયોગ કરે છે, અણધારી રીતે ખોરાકના જાળાને અસર કરે છે.

# એન્ટાર્કટિકામાં ભારતે ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલી

**ભારત આ બર્ફીલા, નિર્જન વિસ્તારમાં સંશોધન મિશન ચલાવે છે જ્યાં ૫૦-૧૦૦ વૈજ્ઞાનિકો મહિના-લાંબા મિશન પર કામ કરે છે**

નવીદિલ્હી

ઈન્ડિયા પોસ્ટે તેના ઐતિહાસિક પ્રયાસના ભાગરૂપે દક્ષિણ ધ્રુવ નજીક બર્ફીલા ખંડ એન્ટાર્કટિકામાં તેની ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલી છે. ભારત આ બર્ફીલા, નિર્જન વિસ્તારમાં સંશોધન મિશન ચલાવે છે જ્યાં ૫૦-૧૦૦ વૈજ્ઞાનિકો મહિના-લાંબા મિશન પર કામ કરે છે. એન્ટાર્કટિકામાં ભારતના સંશોધન સ્ટેશનનું નામ 'ભારતી સ્ટેશન' છે. તેની શરૂઆત મહારાષ્ટ્ર સર્કલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ કે.કે.શર્માએ વેબ લિંક દ્વારા કરી હતી.

પોસ્ટમાસ્ટર જનરલ કે.કે.શર્માએ જણાવ્યું હતું કે ભારતે એન્ટાર્કટિકામાં દક્ષિણ ગંગોત્રી સ્ટેશનમાં તેની પ્રથમ પોસ્ટ ઓફિસ ખોલી હતી. અને બીજી પોસ્ટ ઓફિસ ૧૯૯૦માં મૈત્રી સ્ટેશનમાં ખોલવામાં આવી હતી અને હવે ૫ એપ્રિલે એન્ટાર્કટિકામાં ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલવામાં આવી છે. સૌથી રસપ્રદ બાબતએ છે કે એન્ટાર્કટિકામાં ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલવા માટે ૫ એપ્રિલ શા માટે પસંદ કરવામાં આવી છે. વાસ્તવમાં, ૫ એપ્રિલ એ નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ (NCPOR) નો ૨૪મો સ્થાપના દિવસ હતો. એન્ટાર્કટિકામાં ખોલવામાં આવેલી નવી પોસ્ટ ઓફિસને પ્રાયોગિક ધોરણે પિનકોડ MH-1718 આપવામાં આવ્યો છે, જે નવી શાખાઓ ખોલવા માટેના નિયમો અનુસાર છે.

એન્ટાર્કટિકા ઓપરેશન્સના ગ્રુપ ડાયરેક્ટર શૈલેન્દ્ર સૈનીએ કહ્યું કે આ સાંકેતિક છે પરંતુ તેમ છતાં આ પ્રયાસ એક માઈલસ્ટોન છે. આપણા વૈજ્ઞાનિકો પાસે સોશિયલ મીડિયા છે પરંતુ તેઓ આ ધીમી ગતિના માધ્યમ દ્વારા તેમના પરિવાર સાથે જોડાયેલા રહે છે. આ એ સમય છે જ્યારે લોકોએ પત્ર લખવાનું બંધ કરી દીધું છે, આવા સમયમાં લોકોને એન્ટાર્કટિકાના સ્ટેમ્પવાળા પત્રો મળી રહ્યા છે. અમે વર્ષમાં એકવાર બધા પત્રો એકત્ર કરીશું અને પછી ગોવામાં અમારા હેડક્વાર્ટરમાંમાં મોકલીશું. અહીંથી વૈજ્ઞાનિકોના પરિવારજનોને પત્રો મોકલવામાં આવશે.

# ચેન્નઈએ હોમ ગ્રાઉન્ડ પર સતત ત્રીજી મેચ જીતી

## કોલકાતાને ૭ વિકેટથી હરાવ્યું : ગાયકવાડની ફિફ્ટી

મુંબઈ,

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સે ત્રીજી મેચ જીતી લીધી છે. ટીમે હોમ ગ્રાઉન્ડ પર ત્રણેય મેચ જીતી હતી, આ વખતે CSKએ કોલકાતા નાઈટ રાઈડર્સને ૭ વિકેટે હરાવ્યું હતું. KKRની ૧૭મી સિઝનમાં આ પહેલી હાર છે, આ પહેલાં ટીમે સતત ૩ મેચ જીતી હતી.

CSKએ સોમવારે ચેપોક સ્ટેડિયમમાં ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું. કોલકાતાએ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૩૭ રન બનાવ્યા હતા. CSK તરફથી રવીન્દ્ર જાડેજા અને તુષાર દેશપાંડેએ ૩-૩ વિકેટ લીધી હતી. ચેન્નઈએ ૧૮મી ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. ટીમના કેપ્ટન



ઋતુરાજ ગાયકવાડે ફિફ્ટી ફટકારી હતી. તેણે ૬૭ રન બનાવ્યા હતા.

# ૫૪ વર્ષ બાદ જોવા મળેલા સૌથી લાંબા સૂર્યગ્રહણનો હતો અદ્દભૂત નજારો

## મેક્સિકો, યુએસ અને કેનેડામાં આકાશમાં અંધારું છવાઈ ગયું

મેક્સિકા

વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ પૂર્ણ થઈ ગયું છે. આ સૂર્યગ્રહણ રાત્રે ૦૯.૧૨ વાગ્યે શરૂ થયું અને ૦૨.૨૨ વાગ્યે સમાપ્ત થયું. આ રીતે આ સૂર્યગ્રહણનો કુલ સમયગાળો ૫ કલાક ૧૦ મિનિટનો હતો. આ સૂર્યગ્રહણ સોમવતી અમાવસ્યાના દિવસે થયું.

ઉત્તર અમેરિકામાં સંપૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળ્યું. તેનો સમય પણ ચાર મિનિટથી વધુ હતો. આ દરમિયાન મોટા વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો. નાસાએ સૂર્યગ્રહણનો વીડિયો જાહેર કર્યો છે. આ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ પૂર્ણ થઈ ગયું છે. સૂર્યની શક્તિઓને નબળી પાડતું આ ગ્રહણ સોમવતી અમાવસ્યાના દિવસે થયું હતું. તે સંપૂર્ણ સૂર્યગ્રહણ હતું.

સોમવારે ઉત્તર અમેરિકામાં સંપૂર્ણ સૂર્યગ્રહણને કારણે મેક્સિકો, યુએસ અને કેનેડામાં આકાશમાં અંધારું છવાઈ ગયું. નાસાએ ઉત્તર અમેરિકામાં દેખાયેલા સંપૂર્ણ સૂર્યગ્રહણનો વીડિયો જાહેર કર્યો છે. સંપૂર્ણ સૂર્યગ્રહણ કેટલાક સ્થળોએ ૪ મિનિટ, ૨૮ સેકન્ડ સુધી ચાલ્યું હતું.



# દિશા પટણી શૂટિંગ દરમિયાન દરિયા કિનારે ધ્રૂજતી ઠંડીમાં રડતી જોવા મળી

મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટણી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે તેની ડેટ નાઈટથી લઈને તેની ફિલ્મોના અપડેટ્સ ઈન્સ્ટાગ્રામ પર શેર કરે છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેની આગામી ફિલ્મના શૂટિંગની ઘણી ઝલક ચાહકો સાથે શેર કરી છે. અભિનેત્રી દિશા પટાનીએ ઈટાલીમાં તેની આગામી સાયન્સ ફિક્શન 'કલ્કી ૨૮૯૮ એડી'ના ચાલી રહેલા શૂટિંગના કેટલાક ફોટા અને વીડિયો શેર કર્યા છે, જેમાં તેના કો-સ્ટાર પ્રભાસ પણ જોઈ શકાય છે. દિશાના ઈન્સ્ટાગ્રામ પર ૬૧.૧ મિલિયન ફોલોઅર્સ છે. તેણે આ ફોલોઅર્સને ઈટાલીમાં ફિલ્મના શૂટ શેડ્યૂલની ઝલક બતાવી છે. આ તસવીરો શેર કરતી વખતે દિશા પટાનીએ કેપ્શનમાં લખ્યું કે, 'ઈટલીની તસવીરો ફેંકી દો... કલ્કિ, આ તસવીરો ઈ.સ. ૨૮૯૮ની છે.'

દિશાએ ઈન્સ્ટાગ્રામ પર ફોટા અને વીડિયોની શ્રેણી પોસ્ટ કરી છે. પહેલા વિડિયોમાં દિશા ડાર્ક પર્પલ બ્લેક્રેટમાં લપેટીને બીચ પર ઠંડી પવનમાં ગણગણાટ કરતી જોવા મળે છે. તેની હાલત લગભગ રડવા જેવી છે. તે સ્પષ્ટ છે કે અભિનેત્રી ઠંડી વચ્ચે ખૂબ જ મહેનત કરી રહી છે.





# અદા શર્માએ એ એપાર્ટમેન્ટ ખરીદ્યું જેમાં સ્વર્ગસ્થ અભિનેતા સુશાંતસિંહ રાજપૂત રહેતો હતો

મુંબઈ,

અદા શર્માને ધ કેરલા સ્ટોરી માટે ઘણી તાળીઓ મળી હતી. આ ફિલ્મે ટિકિટ બારી પર સારો બિઝનેસ કર્યો હતો. ફિલ્મ સુપરહિટ થયા પછી, અભિનેત્રીએ કથિત રીતે એ એપાર્ટમેન્ટ ખરીદ્યું હતું જેમાં સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂત રહેતો હતો. આ સમાચાર સામે આવ્યા બાદ અદા હેડલાઈન્સમાં આવી ગઈ હતી.

તાજેતરમાં તે એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વિશે વાત કરતી જોવા મળી હતી. અદાએ કહ્યું, "હું લોકોના દિલમાં રહું છું, હું અત્યારે એટલું જ કહેવા માંગુ છું." કંઈપણ વિશે બોલવાનો યોગ્ય સમય છે." તેણીએ ખુલાસો કર્યો કે જ્યારે તેણીએ સ્થળની મુલાકાત લીધી ત્યારે તે મીડિયાની પ્રતિક્રિયાથી ચોંકી ગઈ હતી અને અભિભૂત થઈ ગઈ હતી. અભિનેત્રીએ કહ્યું હતું કે તેણી તેના અંગત જીવનમાં લાઈમલાઈટથી દૂર રહે છે. અને તે તેને પસંદ કરે છે. તેમની ફિલ્મો દ્વારા લોકોની નજર.

જ્યારે સુશાંત સિંહ રાજપૂતના એપાર્ટમેન્ટના ઓનલાઈન વેચાણના સમાચાર સામે આવ્યા, ત્યારે અદા શર્મા તેના વિશે કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓથી દુ:ખી થઈ ગઈ. તેને લાગ્યું કે જે હવે નથી તેના વિશે વાત કરવી ખોટું છે. આ વિશે વાત કરતાં તેણે કહ્યું, "મને લાગ્યું કે આટલી સુંદર ફિલ્મો આપનાર વ્યક્તિ હવે આ દુનિયામાં નથી, તેથી તેના વિશે આવી વાત કરવી યોગ્ય નથી. તે એવા અભિનેતા હતા જેમના માટે મને ખૂબ જ સન્માન છે.

# બ્રિટનની પ્રથમ ટર્કિશ મસ્જિદ બંધ થવાના આરે

બ્રિટન,

બ્રિટનની પ્રથમ તુર્કી મસ્જિદ બંધ થવાના આરે છે. મસ્જિદ ઈન્તેજામિયા પાસે ડેલ્સ્ટન, ઉત્તર-પૂર્વ લંડનમાં મસ્જિદ રમઝાનને કાર્યકારી ક્રમમાં રાખવા માટે પૈસા નથી. અહેવાલો અનુસાર, મસ્જિદના વધતા ખર્ચ અને પૂજા કરનારાઓની ઘટતી સંખ્યાને કારણે, તેને બંધ કરવા અથવા તેનું કદ ઘટાડવાના વિકલ્પ પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

મસ્જિદનું સંચાલન કરતા એર્કિન ગુનીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તાજેતરના વર્ષોમાં મસ્જિદનું બિલ ત્રણ ગણું વધી ગયું છે. તેમણે એ પણ સ્વીકાર્યું કે તેઓને વિસ્તારના મુસ્લિમ સમુદાય તરફથી વધુ દાન અને સમર્થન મળવાનું શરૂ થયું છે પરંતુ મસ્જિદના ભાવિ પર હજુ પણ પ્રશ્નો છે. ગુનીએ મીડિયાને કહ્યું કે તે મસ્જિદ બંધ કરવા માંગતો નથી, પરંતુ તેની પાસે કોઈ વિકલ્પ નથી.

એર્કિન ગુનીએ કહ્યું કે અમે ટર્કિશ સાયપ્રિયોટ્સ છીએ. અમારા લોકો ક્યાં તો ગયા છે અથવા મરી ગયા છે અને શહેરમાં ૧૦-૧૫ વધુ મસ્જિદો ખુલી છે. તમને જણાવી દઈએ કે આ મસ્જિદ ૧૯૦૩માં બનેલ સિનાગોગ છે, જેને ૧૯૭૦ના દાયકામાં યહૂદી લોકોએ છોડી દીધું હતું. જે પછી એર્કિન ગુનીના પિતાએ તેને લીધું અને અહીં પ્રથમ તુર્કી મસ્જિદ બનાવી. ગુનીએ એ પણ જણાવ્યું કે શુક્રવારે મસ્જિદમાં સારી સંખ્યામાં નમાઝ આવે છે પરંતુ અઠવાડિયાના અન્ય દિવસોમાં અહીં બહુ ઓછા લોકો નમાઝ પઢવા આવે છે. આ પાછળનું કારણ જણાવતા તેમણે કહ્યું કે આ વિસ્તારમાં દરો વધી ગયા છે, અને વધતા ભાવને કારણે અમારા સમુદાયના લોકો અન્ય સ્થળોએ રહેવા ગયા છે.

મસ્જિદના ખર્ચનું વર્ણન કરતાં એર્કિન ગુનીએ જણાવ્યું કે માસિક ખર્ચ ૪ હજાર પાઉન્ડ જેટલો છે અને દર શુક્રવારે ૨૦૦ થી ૪૦૦ પાઉન્ડનું દાન નમાઝ એકત્ર કરવામાં આવે છે.

# અરુણ ગોવિલ 'રામ' બાદ હવે રાજા દશરથ બનશે, કૈકૈયીના રોલમાં લારા દત્તા

મુંબઈ,

નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'નું શૂટિંગ શરુ થઈ ગયું છે. આ ફિલ્મના સેટની કેટલીક તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. તસવીરો જોઈને ખ્યાલ આવે છે કે ફિલ્મમાં રાજા દશરથની ભૂમિકામાં અરુણ ગોવિલ જોવા મળશે. જ્યારે રાણી કૈકૈયીની ભૂમિકામાં લારા દત્તાને કાસ્ટ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ અનુસાર ફિલ્મ સિટીમાં ગુરુકુળનો સેટ તૈયાર થઈ ચૂક્યો છે. આ ફિલ્મના પ્રથમ શીડ્યુઅલમાં રામ, લક્ષ્મણ અને ભરતના બાળપણના પાત્રનો અભિનય કરનાર ચાઈલ્ડ આર્ટિસ્ટ શૂટિંગ કરી રહ્યા છે. જ્યારે અભિનેતા શિશિર શર્મા તેમાં ગુરુ વશિષ્ઠના રોલમાં જોવા મળશે. ટૂંક જ સમયમાં રણબીર પણ આ ફિલ્મની શૂટિંગ શરુ કરશે. ભગવાન રામના હાવભાવ અને ભાષા શૈલીનું સારી રીતે ફિલ્માંકન કરવા માટે રણવીર વોઈસ અને ડિક્શન ટ્રેનિંગ(બોલવાની રીત) લઈ રહ્યો છે.

રણબીર પોતાના રોલની સાથે સંપૂર્ણપણે ન્યાય કરવા ઈચ્છે છે. તે આ રોલ માટે કલાકો સુધી પ્રેક્ટિસ કરી રહ્યો છે. રણબીર ડાયલોગ્સ યાદ કરવા માટે વીડિયા બનાવે છે અને એપ્રૂવલ માટે ડાયરેક્ટરની પાસે મોકલે છે. એપ્રૂવલના હિસાબથી એ પોતાની ટ્રેનિંગ પર ધ્યાન આપવા ઈચ્છે છે. પહેલાં પણ અહેવાલ હતા કે ફિલ્મ એપ્રિલમાં ફ્લોર પર આવી જશે. મેકર્સ ફિલ્મ 'રામાયણ'ને ૪ ભાગમાં રિલીઝ કરશે. પ્રથમ ભાગ આગામી વર્ષે જૂન સુધીમાં રિલીઝ થાય તેવી ધારણા છે.



# ચૂંટણી પહેલા 'ગબ્બર' અને 'ઠાકુર'ની એન્ટ્રી મતદાન વધારવા ચૂંટણી પંચે પોસ્ટર લગાવ્યા

જયપુર

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતમાં લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીને લઈને વહીવટીતંત્ર અને તમામ રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. લોકસભા ચૂંટણી પહેલા શોલે ફિલ્મના ડાકુ ગબ્બર સિંહ અને ઠાકુરના પોસ્ટર અચાનક એન્ટ્રી થઈ ગયા છે.

જોકે, આ પોસ્ટર કોઈ રાજકીય પક્ષ દ્વારા નહીં પરંતુ ચૂંટણી પંચ દ્વારા મતદારોને જાગૃત કરવા માટે લગાવવામાં આવ્યા છે. મતદારોને મતદાન અંગે જાગૃત કરવાના હેતુથી ચૂંટણી પંચની આ અનોખી પહેલ છે. ચૂંટણી પંચનું આ ફિલ્મનું પોસ્ટર સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે.

મતદારોને જાગૃત કરવા ચૂંટણી પંચ દ્વારા અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં, ૪૮ વર્ષ પછી, ફિલ્મ શોલેના ડાકુ ગબ્બર સિંહ અને ઠાકુરના પોસ્ટર સિરોહી અને નગરપાલિકા શિવગંજમાં લગાવવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવા માટે આ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. પોસ્ટર પર લખવામાં આવ્યું છે કે, અમને આ હાથ આપો, ઠાકુર. જેના જવાબમાં લખ્યું છે કે, પહેલા મને વોટ કરવા દો. લોકશાહીના મહાન પર્વમાં મતદાનની ટકાવારી વધે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદારોને જાગૃત કરવા અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે સિરોહી અને નગરપાલિકા શિવગંજ વિસ્તારમાં લગાવવામાં આવેલા શોલે ફિલ્મના પોસ્ટરો દ્વારા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

શોલે ફિલ્મ ૧૫ ઓગસ્ટ ૧૯૭૫ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મ રિલીઝ થતાની સાથે જ તેણે લોકોના દિલ અને દિમાગ પર કબજો જમાવી લીધો. જો કે આ ફિલ્મના દરેક ડાયલોગ ખૂબ ફેમસ થયા હતા.



# જો મારી સામેનો વ્યક્તિ સાચો હશે અને મારા તમામ માપદંડોને પૂર્ણ કરશે તો હું ચોક્કસ લગ્ન કરીશ : સુષ્મિતા

મુંબઈ

સુષ્મિતા સેન છેલ્લે વેબ સિરીઝ તાલી અને આર્ય ૩માં જોવા મળી હતી અને બંને સિરીઝ માટે ઘણી લાઈમલાઈટ મેળવી હતી. આ સિવાય તેના સંબંધો અને બોયફ્રેન્ડ માટે હેડલાઈન્સમાં રહે છે. એ વાત તો આપણે બધા જાણીએ જ છીએ કે છેલ્લા થોડા સમયથી બૉલીવુડમાં લગ્નની સિઝન ચાલી રહી છે એવામાં હવે વધુ એક અભિનેત્રી લગ્નના બંધનમાં બંધાઈ શકે છે એવી ચર્ચા ચાલી રહી છે. પોતાના કામ સાથે અંગત જીવનને લઈને બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન લોકો વચ્ચે ચર્ચામાં રહે છે અને લગભગ ચાહકો હવે તેમના લગ્નની રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં જ અભિનેત્રીએ તેના લગ્નના પ્લાન વિશે વાત કરી છે.

જાણીતું છે કે બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન છેલ્લે વેબ સિરીઝ તાલી અને આર્ય ૩માં જોવા મળી હતી. તેણે બંને સિરીઝ માટે ઘણી લાઈમલાઈટ મેળવી હતી. આ સિવાય તેના સંબંધો અને બોયફ્રેન્ડ માટે હેડલાઈન્સમાં રહી છે. દરમિયાન એક વાતચીતમાં સુષ્મિતા સેને જણાવ્યું કે કેવી રીતે તેની લવ લાઈફ હંમેશા એક ખુલ્લી કિતાબ જેવી રહી છે. અભિનેત્રીએ કહ્યું, 'મારું જીવન ચોક્કસપણે એક ખુલ્લું પુસ્તક છે કારણ કે મેં તેને ખૂબ જ પ્રામાણિકતાથી અને ક્યારેક નિર્ભયતાથી જીવ્યું છે.

# સોમનાથ મંદિર ખાતે ફાગણ માસની માસિક શિવરાત્રીની ઉજવણી : શ્રદ્ધાળુઓ ઉમટ્યા



વેરાવળ,
પ્રથમ જ્યોતિર્લીંગ શ્રી સોમનાથ મંદિર પ્રતિ માસની કૃષ્ણ ત્રયોદશી પર ઉજવાતી માસિક શિવરાત્રી એક અનેરૂ આકર્ષણ છે. દરેક માસની માસિક શિવરાત્રી પર મહાદેવના દર્શન કરવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચે છે.

ત્યારે આજરોજ પ્રણાલિકા અનુસાર ફાગણ માસની માસિક શિવરાત્રિ પર શ્રી સોમનાથ મંદિર સમીપ યજ્ઞશાળામાં ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર ભાઈ દેસાઈ સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા શાસ્ત્રોકત પ્રણાલિકા અનુસાર લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક તીર્થ પુરોહિતો પાસે દૈનિક ૧૨૧ રુદ્રી પાઠ કરાવીને પાઠાત્મક લઘુરુદ્ર કરાવવામાં આવે છે.

# ગ્રેટર રાજકોટ ચેમ્બર એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ફેમીલી બિઝનેશના સંચાલન અંગે સેમીનાર યોજાયો



રાજકોટ,
ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ હરહંમેશ નવીન પ્રકારના વિષયો અને લોકોના વેપાર ઉદ્યોગના જ્ઞાનમાં વધારો થાય તે પ્રકારના કાર્યક્રમોના આયોજન કરવામાં અગ્રેસર છે. જે અંતગર્ત ગત તા. ૬/૪/૨૦૨૪ ના રોજ સંસ્થા અને નિરમા યુની.ના ઉપક્રમે વેપાર ઉદ્યોગમાં આવનારી પેઢી ભાગ લઈને ઉદ્યોગો પેઢી દર પેઢી ચાલે તે માટેનો માહિતીસભર એસ.એમ.ઈ.સેમીનાર યોજાઈ ગયો.

આ સેમીનારની શરૂઆતમાં હાજર સૌ મંચસ્થ મહાનુભાવો અને શ્રોતાગણનું ચેમ્બરના ચેરમેનશ્રી ધનસુખભાઈ વોરા દ્વારા શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું હતું, બાદમાં નિરમા યુની. ના વકતા શ્રી ડૉ. પુનીત સૌરભ દ્વારા ફેમીલી બિઝનેશ એન્ટરપ્રશીપ વિષય ઉપર હાજર સૌને પી.પી.ટી. પ્રેઝન્ટેશન અને ત્યારબાદ દષ્ટાંતો આપીને સમજ પુરી પાડેલ હતી. તેમના વ્યકવ્ય બાદ ડૉ. સતીષ નાયર દ્વારા ફેમીલી બિઝનેશના ઉત્તરાધિકારીનું આયોજન અંગે હાજર સૌને સમજણ પુરી પાડેલ હતી. જેમાં તેમના દ્વારા સૌ કોઈને એક પ્રીન્ટેડ ફોર્મ આપીને તેમાં વિગતો ભરાવેલ હતી. અને તે ફોર્મ દ્વારા જ સૌની પાસે જઈને તેઓને ફોર્મ અન્વયેની ભરેલ માહિતીનો શું ગુઢાર્થ છે તે જણાવેલ હતો.

કાર્યક્રમમાં હાજર દરેક વકતાશ્રીઓ, મહાનુભાવો અને રાજકારણીઓને ગ્રેટર ચેમ્બર દ્વારા તૈયાર કરાયેલ વિશેષ મોમેન્ટોથી અભિવાદન કરવામાં આવેલ હતું, તેમ ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડભ ઈન્ડંસ્ટ્રીઝના પ્રમુખશ્રી રાજીવભાઈ દોશી દ્વારા જણાવવામાં આવેલ છે.

# વેરાવળમાં ભાજપના સ્થાપના દિને બાઈક રેલી યોજાઈ



વેરાવળ,
ગીર સોમનાથ જિલ્લા સોમનાથ પ્રભાસ પાટણ અને વેરાવળ ખાતે ૬ એપ્રિલ ૨૦૨૪ ને ભારતીય જનતા પાર્ટી ૪૫ ની સ્થાપના દિવસ ના રોજ વેરાવળ પાટણ શહેર યુવા ભાજપ દ્વારા બાઈક રેલીનુંઆયોજન કરવામાંઆવ્યું હતુંતેમાંજુનાગઢ ગીરસોમનાથ લોકસભાના ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમા, ગુજરાત પ્રદેશ મંત્રી ઝવેરી ભાઈ ઠકરાર, અખિલ ગુજરાત માછીમાર મહામંડલના પ્રમુખ તેમજ ગુજરાત જીએફસીસીએના ડાયરેક્ટર કિશોરભાઈ કુહાડા, તાલાળાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ ,ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા, પુર્વ ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, વેરાવળ તાલુકા પંચાયત ના પ્રમુખ નરેન્દ્રસિંહ ઝાલા, ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપસિંહ બારડ, તાલુકા પંચાયત પુર્વ પ્રમુખ સરમણ ભાઈ સોલંકી વેરાવળ શહેર ભાજપ પ્રમુખ દેવાભાઈ ધારેચા તેમજ ગીર સોમનાથ જિલ્લાના તમામ હોદ્દેદારો તેમજ તમામ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ગૌરી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# વેરાવળના સાહિત્યકાર યોગેશ વૈદ્યના નિબંધ ગ્રહ નવો ઉતારોનું લોકાર્પણ



વેરાવળ,
વેરાવળના સાહિત્યકાર યોગેશ વૈદ્યના નિબંધસંગ્રહ 'નવો ઉતારો'નું લોકાર્પણ કરવામાં આવેલ છે. કવિ, સંપાદક, નિબંધકાર તથા વેરાવળના નાગરિક યોગેશ વૈદ્યની સર્જનયાત્રાના વધુ એક ગમતીલા પડાવ સમાન નિબંધસંગ્રહ નવો ઉતારોનું લોકાર્પણ એક અલગ ચીલો ચાતરીને એમના જુના નિવાસસ્થાન નવા ઉતારા, લાઈન નં ૫ ખાતે કરવામાં આવેલ હતું. આગવી લેખનશૈલીથી ગુજરાતી સાહિત્યમાં અનોખી આભા ધરાવતા યોગેશ વૈદ્યના આ નિબંધસંગ્રહને ઉપક્રમના અધ્યક્ષ અને સુવિખ્યાત કવિ મણિલાલ હ.પટેલ, અતિથિવિશેષ અને જાણીતા વાર્તાકાર કિરીટ દુધાત તથા પ્રખ્યાત કવિ અને સંશોધક સતિષચંદ્ર વ્યાસ અને વિખ્યાત ચિત્રકાર અને કવિ યક્ષ મેર દ્વારા લોકાર્પિત કરાયેલ

# રાજકોટ મનપા દ્વારા સ્વચ્છતા બાબતે બહેનોને માર્ગદર્શન અપાયું



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતામાં મહિલાઓની સહભાગીતા અને નેતળત્વલને મજબુત કરવા માટે મહિલાઓને સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તે હેતુથી મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૮,૧૩, ૧૭, ૧૪ તથા ૯માં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સંકળાયેલ સ્વપ-સહાય જૂથના બહેનોને સ્વચ્છ તા બાબતે તેમના સમુદાય, મહોલ્લાકે શેરી ફળીયાનાલોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે માહિતી માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, (રીડ્યુમઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટહના હોમ કોમ્પસ્ટીંગ અંગેની માહિતીવોર્ડ નં.૦૮ નાં સેનેટરી સબઈન્પેકટર શ્રી ભરતભાઈ ટાંકતથાસેનેટરી સબ ઈન્પેકટર રવિભાઈ ભગોરા દ્વારાઆપવામાં આવેલ હતી. આસમગ્ર કામગીરીને સફળ બનાવવા પ્રોજેકટ ઓફિસર કાશ્મિરા વાઢેરનાં માર્ગદર્શનમાં સીનીયર કોમ્યુસનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતી એન. આર. કાથડ, મેનેજર એસ.કે.બથવાર તથાસમાજ સંગઠક વર્ષાબેન મોભેરાએ જહેમત ઉઠાવેલ હતી

# રાજકોટમાં અનુબંધ ફાઉન્ડેશન દ્વારા વડીલો માટે જીવનસાથી પરિચય સંમેલન યોજાયુ

## વડીલો માટેના જીવન સાથી પરિચયનું ૮૩મું સંમેલન : ૨૧૫થી વધુ ઉમેદવારો હાજર: ૧૫ કપલ સાથી બન્યા



રાજકોટ,
સમગ્ર ભારતભરમા વડીલો ના જીવન સાથી પરિચય ના ૮૨ સફળતમ બાદ રાજકોટમા ઢળતી ઉંમરે રાજકોટ મુકામે અનુબંધ ફાઉન્ડેશન અમદાવાદ અને શ્રી મહાવીર સેવા ટ્રસ્ટ રાજકોટના સહયોગથી વળભ વાટિકા સી.એમ.શેઠ ફાર્મ હાઉસ ખાતે ધર્મ-જ્ઞાતિ ના ભેદભાવ વિના વડીલો માટેના જીવન સાથી પરિચયનું ૮૩મું સફળતમ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમા કુલ ૨૧૫ ઉમેદવારોએ પસંદગી સંમેલન મા ભાગ લીધો હતો. જેમા ૧૭૫ પુરૂષો અને ૪૦ મહિલા ઉમેદવારો હાજર રહ્યા હતા.આ સંમેલન મા મુખ્યજ મહેમાન ના સ્થાને મહાવીર સેવા ટ્રસ્ટ ના શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ, કાર્યક્રમના ઉદ્ઘાટક 'દિકરાનું ઘર' વળદ્ધાશ્રમ, ઢોલરા - રાજકોટ ના અનૂપમભાઈ દોશી, અતિથિ વિશેષના સ્થાને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટના શ્રી મિતલભાઈ ખેતાણી, રઘુવંશી મહિલા અગ્રણી કાશ્મીભરા બેન નથવાણી, શિવસેના અને ગણેશોત્સવના અગ્રણી જીમ્મીભાઈ અડવાણી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વવિખ્યાત પદ્મવિભૂષણ ઉસ્તાદ અમજદઅલીખાં, અમાનઅલી, અયાનઅલી બંગાશે ભારે જમાવટ કરી

## સરોદની સૂરમોહિનીમાં સાંજ બની સુરમયી: હજારો શ્રોતાઓએ માણ્યો સૂરોત્સવ



રાજકોટઃ સંગીત હૃદયના ઉંડાણમાં રહેલા સંસ્કારોને અભિવ્યકત કરવાનુ સબળ માધ્યમ છે. સંગીતલોકની ભાષા અને પરલોકની સીડી છે, જેમ કે પાણીને કાચના પાત્રમાં પીવામાં આવે, કોઈપણ ધાતુના પાત્રમાં અથવા તો હથેળી કે ખોબામાં લઈને ગ્રહણ કરવામાં આવે તો પાણી તે પાણી જ છે. તેનુ લક્ષ્ય દાહને શાંત કરવાનુ છે. અનેક માધ્યમોમાં પસાર થતુ હોવા છતાં તે પોતાનુ લક્ષ્ય સિધ્ધ કરે છે એ પ્રમાણે સંગીત એ સંગીત છે, કોઈપણ માધ્યમથી સાંભળવામાં આવે તો તેનુ લક્ષ્ય એક જ છે તે રસની સૃષ્ટિ. જો રસાનુભૂતિની અવસ્થા સુધી પહોંચવામાં સંગીત સમર્થ ન હોય તો તે માત્ર કોલાહલની શ્રેણીમાં જ આવી શકે.

સાંધ્ય દૈનિક 'સાંજ સમાચાર' તથા રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના ઉપક્રમે તા.૬ઠ્ઠીના શનિવારે 'સૂરમયી સાંજ'ના શિર્ષક અંતર્ગત વિશ્વવિખ્યાત સરોદવાદક ઉસ્તાદ અમજદઅલીખાં, તેમના પુત્રો અમાનઅલી બંગાશ, અયાનઅલી બંગાશ તેમજ તેમના પૌત્રો આબીરઅલી બંગાશ, ઝોહાનઅલી બંગાશ (ટવીન્સ ઉં.૧૧)ના સરોદવાદનનો કાર્યક્રમ સીઝન્સ હોટલના વિશાળ પટાંગણમાં યોજાયો હતો. ત્રણે પેઢીના કલાકારોને એક જ મંચ પર જોવાનો અને સાંભળવાનો લ્હાવો ઉપસ્થિત પાંચ હજારથી વધારે સંગીત રસિયાઓએ માણ્યો હતો.

ભારતીય શાસ્ત્રીય વાદ્ય સંગીતના પ્રથમ પંકિતના સરોદવાદક પદ્મવિભૂષણ ઉસ્તાદ અમજદઅલીખાં સાહેબે 'સૂરમયી સાંજ'ના કાર્યક્રમમાં સરોદ વાદ્ય પર રાગ આધારિત વિવિધ રચનાઓ પ્રસ્તુત કરીને ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મૂકયા હતા. સરોદના ઝંકૃત તારોના સૂરોએ વાતાવરણમાં સંગીત સામ્રાજય સ્થાપી દીધાની અનુભૂતિ સૌ કોઈને થઈ હતી. ખાં સાહેબના સરોદવાદનના સૂરોએ ઉપસ્થિત શ્રોતાગણને સંમોહિત કરી મૂકયા હતા.

ઉ. અમજદઅલીખાં સાહેબે 'ગણેશ કલ્યાણ' રાગ પરની રચના પ્રસ્તુત કરી. આ રાગ યમન કલ્યાણ પર આધારિત છે. ખાં સાહેબે 'ગણેશ કલ્યાણ' રાગમાં કોમળ નિષાદનો ઉપયોગ કરીને રાગને અત્યંત પ્રભાવિત કર્યો હતો. ખાં સાહેબે જણાવ્યુ કે આ રાગની ઘણા રાગોની રચના ઈશ્વરકૃપાથી થઈ છે. તેમણે અન્ય ઘણા રાગોની રચના કરી છે. તેમણે બાપુ કોષની રચના પણ કરી છે.

# પડધરી તાલુકાના વચલી ઘોડી ગામે સ્વીપ અંતર્ગત મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા નાગરિકોમાં મતદાન અંગે વધુમાં વધુ જાગૃતિ લાવવા અને મતદાન વધારવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના અનુસંધાને રાજકોટ જિલ્લામાં વિવિધ સંસ્થાઓ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.

આ ઉપક્રમે અધિક કલેકટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ પડધરી તાલુકાના વચલી ઘોડી ગામે મતદાર જાગૃતિનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનો દ્વારા મતદાન કરવા માટે શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. તથા મહિલાઓ ૭ મે ના રોજ મતદાન કરે અને પોતાના પરિવારજનોને પ્રેરિત કરે તેવી અપીલ કરવામાં આવી હતી. આમ, મહિલાઓ પણ વધુ મતદાન કરે તે માટે "સ્વીપ પ્રવૃતિ" અંતર્ગત મતદાન જાગૃતિસભર વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

# રાજકોટ જીલ્લામાં પ્રચારાત્મક બેનરો, પોસ્ટરો સહિત કુલ ૫૨૭૫ અનધિકૃત પ્રચાર સામગ્રી દૂર કરાઈ

રાજકોટ, રાજકોટ જિલ્લામાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ સંદર્ભે આદર્શ આચારસંહિતા અમલી છે. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સ્થળો પરથી અનધિકૃત પ્રચારાત્મક બેનરો, પોસ્ટરો, દિવાલ પરના લખાણ વગેરે દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

જેના અંતર્ગત તા. ૭ એપ્રિલ સુધીમાં ૭૧ - રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૧૫૧૧ અને ખાનગી મિલ્કતો પરથી ૨૮૩ મળી કુલ ૧૭૯૪ અનધિકૃત પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. ૭૨ - જસદણ વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૧૫૯૪ અને ખાનગી મિલ્કતો પરથી ૬૪૮ મળી કુલ ૨૨૪૨ રાજકીય જાહેરાતો હટાવવામાં આવી છે. ૭૩ - ગોંડલ વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૩૮૦ અને ખાનગી મિલ્કતો પરથી ૧૨૪ મળીને કુલ ૫૦૪ પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે. તેમજ ૭૫ - ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૨૭૧ અને ખાનગી મિલ્કતો પરથી ૪૬૪ મળી કુલ ૭૩૫ રાજકીય જાહેરાતો હટાવવામાં આવી છે. આમ, રાજકોટ ગ્રામ્ય, જસદણ, ગોંડલ અને ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં કુલ ૫૨૭૫ અનધિકૃત પ્રચારાત્મક જાહેરાતો હટાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કોઈ અનધિકૃત જાહેરાત જોવા મળે અથવા આચારસંહિતા ભંગ થતો જણાય તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૦૩૨૨ પર સંપર્ક અથવા સી-વિજીલ મોબાઈલ એપ્લીકેશન પર ફરિયાદ કરી શકાય છે.

# રાજકોટમાં ઠેર ઠેર "મતદાન જાગૃતિ અભિયાન"નું આયોજન કરાયું

રાજકોટ,
લોકશાહીના પર્વમાં મોટા પ્રમાણમાં મતદારો ભાગ લે તે માટે ભારતભરમાં વિવિધ જગ્યાઓ પર મતદાન જાગૃતિ અભિયાનની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જે અન્વયે રાજકોટ સંસદીય મતવિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ અભિયાનમાં ૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારના લોધિકા ગામ ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને લોકસભાની ચૂંટણીમાં વધુને વધુ સ્ત્રી મતદારોએ મતદાન કરવું જોઈએ એવો અનુરોધ કરાયો હતો. અને મહિલા મતદારોને મતદાન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આઈ.ટી.આઈ. રાજકોટના તાલીમાર્થીઓએ મતદાનનું મહત્વ સમજાવતું નાટક રજૂ કરી મતદાનની સમસ્ત પ્રક્રિયા અંગે જાણકારી આપી હતી. તાલીમાર્થીઓએ ડ્રોઈંગ સ્પર્ધાનું પણ આયોજન કર્યું હતુ.

ગોંડલની શ્રી પાટખિલોરી પ્રાથમિક શાળા ખાતે નાયબ મામલતદારશ્રી વાય.ડી.ગોહિલ દ્વારા ઈ.વી.એમ., મતદાન અને સ્વીપ અંગેની જાણકારી ગ્રામજનોને આપવામાં આવી હતી. અને ચિભડા પ્રાથમિક શાળામાં શાળાના વિદ્યાર્થીઓએ સ્લોગન અને ચિત્ર સ્પર્ધાના માધ્યમથી મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષક અને આચાર્યશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં રામનવમી-મહાવીર જયંતી નિમિતે માસ-મટન-ચીકનના વેચાણ પર પ્રતિબંધ

## જાહેરનામાનો ભંગ કરનાર સામે ધોરણસરની કાર્યવાહી થશે: કમિશ્નર આનંદ પટેલનો હુકમ



રાજકોટ,

આગામી તા.૧૭ એપ્રિલના રામનવમી નિમિતે તથા તા.૨૧ ના મહાવીર જયંતી નિમિતે મહાનગર પાલીકાના વિસ્તા રમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેચાણ કે સ્ટોર કરવા પર પ્રતિબંધનું મ્યુંનિ. કમિશ્નર આનંદ પટેલ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.આ અંગે આનંદ પટેલે પ્રસિધ્ધ કરેલ જાહેરનામામાં જણાવ્યું હતું કે સંબંધકર્તા સર્વેએ ધી જીપીએમસી એકટ-૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા વંચાણે લીધેલ રાજકોટ મહાનગર પાલીકાના બાયલોઝ અન્વસયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સબંધકર્તા તમામે ગંભીર નોંધ લેવી.

# રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં શરદી, ઉધરસ, તાવ, ઝાડા-ઉલ્ટીના ૧૪૮૭ કેસ

## મનપા દ્વારા ૭૦૦ ઘરોમાં ફોગીંગ: મચ્છર ઉત્પતિ સબબ ૫૫૬ને નોટીસ

રાજકોટ,

રાજકોટ શહેરમાં છેલ્લા અઠવાડીયાથી દિવસોથી સીઝનલ રોગચાળો વકરતો જાય છે. ત્યારે એક સપ્તાહમાં ઝાડા, ઉલ્ટી, તાવના ૧૪૮૭ થી વધુ કેસ નોંધાયા છે.

આ અંગે મ્યુ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા. ૨૫ માર્ચથી ૧ એપ્રીલ સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત જોતાં મચ્છકરજન્યત રોગચાળાનો ૩ કેસ છેલ્લા સપ્તાહમાં ચિકનગૂનીયાનો ૧, ડેન્યુનો ૧ અને મેલેરીયાના પણ એક મેલેરીયાના ૩, ડેન્યુના ૯ તથા ચિકનગુનિયાના ૧૪ કેસ નોંધાયા છે.





શરદી-તાવના ૧૪૮૭ થી વધુ કેસ શહેરમાં શરદી-ઉધરસના કેસ ૯૨૬ તેમજ સામાન્યપતાવના ૩૧૨ અને ઝાડા-ઉલ્ટીના કેસ ૨૪૯ સહિત કુલ ૧૪૮૭ દર્દીઓ નોંધાયા હતા.

મચ્છર ઉત્પસતિ સબબ ૫૫૬ને નોટીસ

રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ધનીષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૬૬૬૩ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે. તથા ૭૦૦ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૧૦૯૮ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ દેખાતા ૫૫૬ લોકોને નોટીસ પાઠવી હતી.

# ડીજીપી કપ ટી-૨૦ ટુર્નામેન્ટમાં રાજકોટ શહેર પોલીસ ચેમ્પિયન

## કેપ્ટન પીઆઇ બી.ટી. ગોહિલની આગેવાનીમાં ટીમનું જબરદસ્ત્ પ્રદર્શન રહ્યું



રાજકોટ,

રાજકોટ શહેર પોલીસની ક્રિકેટ ટીમ ડીજીપી કપ ટી-૨૦ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થતાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી સહિત તમામ અધિકારીઓ, કર્મચારીઓએ ટીમ પર શુભેચ્છાઓનો ધોધ વરસાવ્યો હતો. પીઆઇ બી. ટી. ગોહિલની કેપ્ટનશીપ હેઠળની આ ટીમે ગઈકાલે અમદાવાદ ખાતે રમાયેલા ડીજીપી કપ ટી-૨૦ના ડે-નાઈટ ફાઇનલ મેચમાં એસઆરપી ગ્રુપની ટીમને હરાવી વિજય હાંસલ કર્યો હતો. એસઆરપી ગ્રુપની ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૬૩ રનનો ટારગેટ રાજકોટ શહેર પોલીસની ટીમે આપ્યો હતો. જેમાં અજય ડાભીએ ૪૨ દડામાં ૭૦ રન (પાંચ ચોગ્ગી પાંચ છગ્ગાલ) તથા મેસુર આહિરે ૩૪ દડામાં ૪૩ રન (પાંચ ચોગ્ગુ અને બે છગ્ગાસ)ની મદદથી સટાસટી બોલાવી દીધી હતી. અને ટીમને વિજય નજીક પહોંચાડી દીધી હતી. છેલ્લે સોકત ખોરમ ૧૪ રને અને કિશન કુગશીયા ૧૨ રને અણનમ રહ્યા હતાં. સીટી પોલીસ તરફથી કિશન કુગશીયાએ ચાર ઓવરમાં અઢાર રન આપી બે વિકેટ, સુભાષ ઘોઘારીએ એક, નિર્મલસિંહ ઝાલાએ એક, રવીરાજ એક અને કેતન પરમારને એક વિકેટ મળી હતી.

# રાજકોટમાં અર્ધ લશ્કરી દળના જવાનોની ફ્લેગ માર્ચ

## ઉમેદવારની ટિકિટ રદ કરવાની માગણી સાથે ચાલી રહેલા આંદોલન વચ્ચે રાજકોટમાં અર્ધલશ્કરી દળની કંપની તહેનાત

રાજકોટ

લોકસભાની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે ટુંક સમયમાં ઉમેદવારી પત્રક ભરવાની કામગીરી શરૂ કરવામાં આવશે ત્યારે શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે ચુંટણી પંચ દ્વારા ફાળવવામાં આવેલ અર્ધ લશ્કરી દળની રાજકોટ શહેરના રાજમાર્ગો પર ફ્લેગમાર્ચ કરવામા આવી હતી.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગણી સાથે ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે જો ઉમેદવારની ટીકીટ રદ નહીં થાય તો આ વખતની ચુંટણીમાં ખરાખરીના ખેલ થાય તેવા એંધાણ મળી રહ્યા છે.રાજકોટ શહેરમાં ચૂંટણીપંચ દ્વારા ફાળવવામાં આવેલ અર્ધલશ્કરી દળની કંપની રાજકોટ આવી પહોંચ્યા બાદ આજે પોલીસના જવાનો સાથે સદર બજાર વિસ્તારમાં અર્ધલશ્કરી દળની કંપનીએ ફ્લેગમાર્ચ કરી હતી.





# આંગણે આવેલા અણમોલ અવસરનું અનોખું આમંત્રણ

## સહપરિવાર મતદાન થકી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થવા મહિલા મતદારોને ખાસ અનુરોધ કરતાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી: ૨૦.૩ લાખ કરતાં વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે

રાજકોટ

વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ વચ્ચે એક પરંપરા એવી છે જે લગભગ દેશભરમાં જોવા મળે છે. અને એ છે આંગણે આવેલા અવસરના આમંત્રણની. પારિવારિક અને માંગલિક પ્રસંગોના આમંત્રણની પ્રથાને એક સોપાન આગળ વધારતાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે મતદારોને સહપરિવાર આમંત્રણ પાઠવતી પત્રિકા મોકલવામાં આવશે.ગણતરીના દિવસોમાં જ દેશભરમાં લોકશાહીના મહાપર્વની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે રાજ્યના ૧૩ હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીનો તફાવત ૧૦ ટકા કરતાં વધુ હોય તેવા અને કુલ મતદાન ૫૦ ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ ૧૩ હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. આ મતદાન મથકો પર મતદાનનું પ્રમાણ વધે તે માટે ગ્રામ્ય કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીઓ અને શહેર કક્ષાએ નાયબ મ્યુનિસિપલ કમિશનર્સની, ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP)ના નોડલ ઑફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાજ્યના આવા ઓળખ કરાયેલા લગભગ ૧૩ હજાર મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે રાજ્યભરમાં સપરિવાર મતદાન કરવા અનુરોધ કરતી કુલ ૨૦.૩ લાખ કરતાં વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે.



આ આમંત્રણ પત્રિકા થકી મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા મહિલા મતદારોને દૈનિક કામગીરીની વ્યસ્તતામાંથી થોડો સમય કાઢી સહપરિવાર મતદાન કરવા તથા અન્યોને પણ મતદાન માટે પ્રેરણા આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ઓછા મતદાનના કારણો અંગે ચર્ચા કરવા તેમજ મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટેના પ્રયાસો કરવા તમામ મતદાન મથકો પર ચુનાવ પાઠશાલાનું આયોજન કરવા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને જણાવવામાં આવ્યું છે. ચુનાવ પાઠશાલા અંતર્ગત આશા વર્કર, આંગણવાડી કાર્યકર, બુથ લેવલ ઑફિસર, શાળાના આચાર્ય, તલાટી, ગ્રામ સેવક, ગામના બિનરાજકીય સામાજિક આગેવાન અને સ્વસહાય જૂથના સભ્યો દ્વારા શેરી બેઠકો યોજવામાં આવે છે. ચુનાવ પાઠશાલા અંતર્ગત યોજાનાર આ બેઠકોમાં ગત ચૂંટણીના પુરૂષ-મહિલા મતદાનના આંકડા બાબતે તથા મહિલાઓના ઓછા મતદાનના કારણોની ચર્ચા કરી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં વધુમાં વધુ મતદાન થાય તે માટે સપરિવાર મતદાનનો સંકલ્પ ગ્રહણ કરાવવામાં આવશે.

# ભારત વિકાસ પરિષદની ગુજરાત મધ્ય પ્રાંતની વાર્ષિક અસાધારણ સભા યોજાઈ

## પ્રમુખ તરીકે ફાલ્ગુનભાઈ વોરા, સચિવ તરીકે સુરેશભાઈ પટેલ, ખજાનચી તરીકે મનસુખભાઈ કાછડીયાની કરાઈ વરણી

અમદાવાદ

ભારત વિકાસ પરિષદ,અખિલ ભારતીય કક્ષાએ કાર્ય કરતું સામાજિક, સેવાભાવી, બિન રાજકીય સંગઠન છે. તેનાં ઉપક્રમે ભારત વિકાસ પરિષદની ગુજરાત મધ્ય પ્રાંતની વાર્ષિક અસાધારણ સભા મણિનગર,અમદાવાદ ખાતે સ્થિત એવા હેડગેવાર ભવન ખાતે યોજાઈ ગઈ.આ સભામાં ભારત વિકાસ પરિષદ ગુજરાતના ટ્રસ્ટીશ્રી વલ્લભભાઈ રામાણી ની અધ્યક્ષતામા, ભા.વિ.પનાં અખિલ ભારતીય અધિકારી શ્રી વિનોદભાઈ શાહ દ્વારા આગામી વર્ષ એટલે કે, વર્ષ ૨૦૨૪-૨૫



માટે ગુજરાત મધ્યપ્રાંત ના પ્રમુખ,સચિવ, ખજાનચી, મહિલા સંયોજિકા તેમજ સમગ્ર કારોબારીની જાહેરાત કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે શ્રી ફાલ્ગુનભાઈ વોરા, સચિવ તરીકે શ્રી સુરેશભાઈ પટેલ, ખજાનચી તરીકે શ્રી મનસુખભાઈ કાછડીયા,

મહિલા સંયોજીકા તરીકે શ્રીમતી પ્રવિણાબેન ઠક્કર તેમજ સમગ્ર કારોબારીના નામની જાહેરાત કરવામાં આવી.

# ડો. મનસુખ માંડવિયાના ઘોડા-ગાડામાં પ્રચાર



રાજકોટ

ગુજરાતમાં લોકસભાની સૌથી હાઈ પ્રોફાઈલ ગણાતી રાજકોટ અને પોરબંદરની બેઠકો ઉપર કેન્દ્ર સરકારનો બે કદાવર મંત્રીઓ પરસોતમભાઈ રૂપાલા અને ડો.મનસુખ માંડવિયા ચૂંટણી લડતા હોય, ભાજપના આ બંન્ને ઉમેદવારો ચૂંટણી પ્રચાર માટે પણ અલગ-અલગ તરકીબો અજમાવી લોકોમાં આકર્ષણ ઊભુ કરી રહ્યા છે. પોરબંદરના ઉમેદવાર ડો.મનસુખભાઈ માંડવિયાએ જામકંડોરણા તાલુકામાં પ્રચાર દરમિયાન સ્થાનિક ધારાસભ્ય જયેશ રાદડિયા સાથે ઘોડે સવારી અને ગાડામાં સવારી કરી હતી.



# બાળકોને માતૃભાષામાં ભણાવીશું તો ખમીરી, ખુમારી સાથે ગુજરાતીપણું ખીલી ઉઠશે: રોનક પટેલ

## ગૌરવશાળી ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર માટે સજાગ-સજ્જ બનીને આપણી મહાન માતળભાષાનો વારસો નવી પેઢીને આપીએ : રાજુભાઈ ધ્રુવ ★ આપણી ગુજરાતી ભાષા પાસે શબ્દોની શક્તિ -સંપત્તિના અખૂટ ખજાનાથી વાંચકો-સમાજને સમળદ્ધ કરીએ : જય વસાવડા

રાજકોટ:

શહેરના એરપોર્ટ રોડ પર આવેલા સરસ્વકતી શિશુમંદિર ખાતે સૌરાષ્ટ્ર સાંસ્કચળતિક પરિષદ દ્વારા ''શબ્દસ વંદના'' કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ પત્રકારત્વુનો નચિકેતા એવોર્ડ વિજેતા એબીપી અસ્મિનતા ગુજરાતી ચેનલના એક્ઝીક્યુટીવ એડિટર રોનક પટેલને શ્રેષ્ઠ પત્રકારત્વદ એવોર્ડ પ્રાપ્ત કરવા માટે અભિવાદન તેમજ જાણીતા લેખક વક્તા જય વસાવડાના વક્ત વ્ય ના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થા ના ચેરમેન અને સૌરાષ્ટ્રવ ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવએ જણાવેલું કે, રોનકભાઈ પટેલને તાજેતરમાં વરિષ્ઠ પત્રકાર શ્રી નગીનદાસ સંઘવીની સ્મૂર્તિ-યાદમાં અપાતા નચિકેતા એવોર્ડથી નવાજવામાં આવ્યો છે સન્માનિત કરવા માં આવ્યાા છે. ગુજરાતી ભાષામાં પ્રથમવાર સમાજજીવન ની સમસ્યા ઓ ને વાચા આપતા ''હું તો બોલીશ''ના ૧૧૦૦ થી વધુ એપિસોડ પ્રસારિત થઈ ચૂકયા છે, તેઓ પોતાના કાર્યક્રમો દ્વારા સમાજ અને સરકાર વચ્ચેજ સેતુ બને છે. તેમની વાતના કેન્દ્ર માં લોકો હોય છે. પત્રકાર ધારે તો લોકસેવક બની સમાજસેવા કરી શકે છે તે તેમણે પુરાવાર કર્યું છે.. તેઓ ખરા અર્થમાં પોતાની રજુઆત દ્વારા સમાજની સેવા કરવાનો અથાગ પ્રયાસ કરે છે તે માટે તેમના અભિવાદન - સન્માતન નો એક નાનો પ્રયાસ આજે આ કાર્યક્રમ દ્વારા આપ સહુના સહકાર દ્વારા સાથે કરવામાં આવ્યોથ છે.

શ્રી ધ્રુવે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતી ભાષાની અસ્મિયતાને પ્રોત્સા હન આપવાનું ઉમદા કાર્ય પણ સાથોસાથ કરે છે. આપણે સૌએ પણ ગૌરવશાળી ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર માટે સજાગ-સજ્જ બનીને આપણી મહાન માતળભાષાનો વારસો નવી પેઢીને આપવો જોઈએ.

શ્રેષ્ઠ પત્રકારત્વનનો એવોર્ડ મેળવનાર એબીપી અસ્મિપતા ચેનલના એડિટર તથા ગુજરાતી ભાષાના બળકટ ઉદઘોષક રોનક પટેલે તેમના વક્તછવ્ય માં જણાવ્યું હતું કે, કોઈપણ ગુજરાતીએ પોતાની માતળભાષાનું સૌથી વધુ સન્માડન કરવું જોઈએ. એક સંપર્કના માધ્યરમ તરીકે વ્યઘકિત-વ્યતકિત વચ્ચે્ વ્યાવહાર કરવા અને સમજવા માટે આપણી માતળભાષાનો ઉપયોગ કરવો જોઈએ. ગુજરાતી ભાષા તરીકે માતળભાષાનું સન્મામન વિશેષ કરવું જોઈએ. હું ગુજરાતી છું તેનો મને ગૌરવ છે. આપણે ભાષા બોલવામાં અને લખવામાં ઘણી ભૂલો કરીએ છીએ. આપણે નવી પેઢીને આપણી ગુજરાતી ભાષાનું ગૌરવ શીખડાવવું પડશે. કયારેક આપણે ખરા અર્થમાં શબ્દહનું સાચું ઉચ્ચા રણ કરી શકતા નથી કે અર્થ સમજાતો નથી

તેમણે આ તકે જણાવ્યું હતું કે, મારે સૌરાષ્ટ્રન-રાજકોટ સાથે લેણું છે. વિદ્યાર્થી સમયમાં મને નિબંધ લેખનમાં પ્રથમ એવોર્ડ રાજકોટથી અપાયેલો છે અને બીજો નચિકેતા એવોર્ડ મોરારીબાપુના હસ્તેથી આ ભૂમિમાં આપવામાં આવેલ છે. તેઓએ જણાવેલ કે ભાષા જાય તો સંસ્કોળતિ જાય છે. આપણા સંતાનોને ભાષાનું મહત્વ સમજાવશું તો સંસ્કથળતિ નહીં ભૂલીએ. આ માબાપ તરીકે આપણી જવાબદારી છે જે આપણે ચૂકી રહ્યા છીએ, આપણી ભાષા આપણા સંસ્કાષર છે.



આ તકે જાણીતા લેખક જય વસાવડાએ જણાવ્યુંા હતું કે, આપણી ગુજરાતી ભાષા સાથે આપણી ભૂમિની પણ તાકાત છે. આપણી ગુજરાતી ભાષા પાસે સમળધ્ધ ખજાનો છે. અનેક સર્જકોએ સાહિત્યાની અભૂતપૂર્વ રચનાઓ કરેલ છે. ગોંડલના રાજવી સ્વગ. ભગવતસિંહજીએ ગુજરાતી ભાષાનો ભગવદ ગૌમંડલની રચના કરીને રાજ્ય ભાષા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધેલ હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી ભાષામાં વાંચન વધારવા ના ભેખધારી શ્રી હર્ષલભાઈ મણીઆર, જાગનાથ દેરાસરના મંત્રી દિલેશભાઈ શાહ, માહિતી ખાતાના પૂર્વ નાયબ નિયામક અરવિંદભાઈ જોશી, વાંચન ની ઝુંબેશ ચલાવનાર પરેશભાઈ રાજગોર તથા સુનિલભાઈ, ભાવિકભાઈ અગ્રાવત, કિરીટભાઈ પાઠક, હરેશભાઈ જોષી, જુલિયનભાઈ પટેલ, નિર્લોકભાઈ પરમાર, રમેશભાઈ બડમલિયા, મુજજમીલ સુધાગુણીયા, રંજીતભાઈ રાઠોડ, નયનભાઈ રાણપરા, કલ્પે શભાઈ ભટ્ટ વગેરે સહિત બહોળી સંખ્યામમાં સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિ ત રહ્યા હતા

# સૌરાષ્ટ્રમાં ચૂંટણી સુધી તણાવ રહેવાની ભીતિઃ ક્ષત્રિયોના ઉગ્ર વિરોધ વચ્ચે તા.૧૬ના રાજકોટમાં રૂપાલા ઉમેદવારી નોંધાવશે

## શુક્રવારથી લોકસભા ચૂંટણીના ફોર્મ ભરવાનું શરૂ થશે રૂપાલા ફોર્મ ભરે ત્યારે જલદ્ કાર્યક્રમોની ચેતવણીના પગલે ચૂસ્ત સુરક્ષા રખાશે




રાજકોટઃ રાજકોટમાં મહારેલી, ધંધુકામાં મહાસંમેલન, ખંભાળિયામાં પાટિલના કાર્યક્રમમાં અને થાનગઢની ભાજપની સભામાં તોડફોડ અને હંગામો, અનેક ગામોમાં ભાજપને પ્રવેશબંધી વગેરે સિલસિલાબંધ ઘટનાઓથી ક્ષત્રિયો ઝૂકવાના મુડમાં નથી અને રોષ વધતો જાય છે ત્યારે રાજકોટ બેઠક પરથી પુરૂષોત્તમ રૂપાલાની ઉમેદવારી ભાજપે યથાવત્ રાખી છે અને શહેર ભાજપના સૂત્રો અનુસાર આગામી તા. ૧૬ એપ્રિલે મંગળવારે બપોરે ૧૨.૩૯ વાગ્યે તેઓ રાજકોટ કલેક્ટર ઓફિસે જઈને ઉમેદવારી નોંધાવશે.એક તરફ રૂપાલા સામે ક્ષત્રિય આંદોલન મુદ્દે પ્રદેશ ભાજપના પ્રયાસો સફળ થયા નથી, જયરાજસિંહ મારફત ક્ષત્રિયો સાથે સમાધાનના પ્રયાસો પછી તો ઉલ્ટો રોષ વધ્યો છે ત્યારે હવે મામલો હવે દિલ્હી વડાપ્રધાનને ત્યાં પહોંચ્યો છે ત્યારે બીજી તરફ રૂપાલા યથાવત્ જ રહેશે તેવા વિશ્વાસ સાથે રાજકોટમાં ઉમેદવારી નોંધાવવા અને તે દિવસે બહુમાળી ભવન પાસે જંગી સંખ્યામાં મેદની ભેગી કરવા તૈયારીઓ શરૂ કરી દીધી છે. ખુદ રૂપાલાએ આ માટે રાજકોટમાં અને ગઈકાલે સુરત સહિતના સ્થળે જઈને સમર્થકોને ફોર્મ ભરતી વખતે આવવા આમંત્રણ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજયભરની લોકસભા બેઠકો પર તા. ૧૨થી ઉમેદવારી ફોર્મ સ્વીકારવાનું શરૂ થશે અને તા.૧૯ સુધી ફોર્મ સ્વીકારાશે. રાજકોટમાં ક્ષત્રિયોએ પણ વિરોધના ભાગરૂપે ઉમેદવારી નોંધાવવા જાહેરાતો કરી છે. ક્ષત્રિયોની તાજેતરમાં મળેલી સંકલન બેઠક બાદ રૂપાલા ફોર્મ ભરે તે દિવસે જલદ્ કાર્યક્રમોની ચિમકી ઉચ્ચારાઈ હતી જેના પગલે આ વખતે ઉમેદવારી નોંધાવતી વખતે રાજકોટમાં જડબેસલાખ સુરક્ષા બંદોબસ્ત ગોઠવાશે. આજે રૂપાલા ચેન્નાઈ,તમિલનાડુ પ્રવાસે ગયા છે અને તા. ૧૦ના તેઓ રાજકોટ આવશે અને પ્રચાર જારી રાખશે તેમ ભાજપના સૂત્રોએ જણાવ્યું છે. એકંદરે ભાજપ ઉમેદવાર બદલવા ઈચ્છુક નથી અને ક્ષત્રિયો તે વગર કોઈ પણ સમાધાન કરવાના મુડમાં નથી ત્યારે આગામી તા. ૭ મેના યોજાનાર ચૂટણી સુધી સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળોએ વિરોધ,વિવાદ,હંગામા જેવી તણાવભરી સ્થિતિની આશંકા પણ સેવાઈ રહી છે.

### રૂપાલા હાલ તામિલનાડુમાં ચૂંટણી પ્રચારમાં, પદ્મિનીબા સતત છઠ્ઠા દિવસે અન્ન ત્યાગ પર



રાજકોટઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાને સ્ટાર પ્રચારક જાહેર કરવામાં આવ્યા છે. આજે તેઓ તામિલનાડુમાં ભાજપનો ચૂંટણીપ્રચાર કરી રહ્યા છે. તેમની ગેરહાજરીમાં આજે લોકસભા ચૂંટણી માટેનું ફોર્મ ભરવાની તારીખ જાહેર કરવામાં આવી છે.એક તરફ રાજકોટમા ક્ષત્રિય સમાજના અને કરણીસેનાનાં મહિલા આગેવાન પદ્મિનીબા આજે સતત છઠ્ઠા દિવસે અન્ન ત્યાગ પર છે. રૂપાલાની ટિકિટ રદ નહીં થાય ત્યાં સુધી અન્ન ત્યાગ પર રહેશે એવું જાહેર થયું છે. બીજી તરફ, લોકસભા ચૂંટણીના ફોર્મ ભરવાની તારીખ જાહેર થઈ જતાં ભાજપ રૂપાલાને ચૂંટણી લડાવવા માટે મક્કમ હોય એવું લાગી રહ્યું છે.

# રૂપાલાની ઉમેદવારી સુધી ગુજરાતમાં રહીશઃ મહિપાલસિંહ મકરાણા

## ક્ષત્રિય સમાજની રૂપાલા સામે ઉમેદવાર ઉતારવા ચીમકી



તો રૂપાલા ઉમેદવારી નોંધાવશે તેવી માહિતી સામે આવતા જ કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણાનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, રૂપાલા સામે વિરોધ યથાવત રહેશે. રૂપાલાની ઉમેદવારી સુધી હું ગુજરાતમાં રહીશ.અમદાવાદ સ્થિત રાજપૂત ભવન ખાતે ક્ષત્રિય આગેવાન અને રાષ્ટ્રીવાદી જનલોક પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક શેરસિંહ રાણાએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, 'ભાજપે રૂપાલાની ટિકિટ કાપવાની માગણી પૂરી કરવી જોઈએ. આ માત્ર આંદોલન નથી પણ જરૂર પડશે તો રાજકોટમાં રૂપાલા સામે ઉમેદવાર મેદાનમાં ઉતારીશું. આજે ક્ષત્રિય સમાજને શૂન્ય પર લાવવા પ્રયાસ થઈ રહ્યા છે, સમાજને આજે જવાબ આપવાની જરૂર છે.'થોડા સમય પહેલા સોશિયલ મીડિયામાં પ્રજ્ઞાબા ઝાલાનો જૌહર અંગેનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે, 'રૂપાલા અંગે કોઈ નિર્ણય નહીં લેવામાં આવે તો અમે કાલે જૌહર કરીશું. અમે જૌહરની તૈયારીઓ શરૂ કરી દીધી છે.' તેમણે ગાંધીનગરમાં કમલમ ખાતે જૌહર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. જોકે, તેઓ ત્રણ દિવસથી નજરકેદ છે.

# અમૃતસિદ્ધિયોગ સાથે ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ



(તસ્વીર દિલીપ ગોહેલ)

રાજકોટઃઆશાપુરા મંદિર, કૂવાવાળી ખોડિયાર, મહાલક્ષ્મી મંદિર સહિત મંદિરોમાં વિશેષ ઉજવણી થશે.આજથી ચૈત્ર માસનો પ્રારંભ થશે. ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે સવારથી રાત સુધી અમૃતસિદ્ધિયોગ છે. ચૈત્ર મહિનામાં આવતી નવરાત્રિને ચૈત્રી નવરાત્રિ ઉપરાંત રામનવમી નવરાત્રિ પણ કહે છે. આથી આ નવરાત્રિ દરમિયાન શક્તિ- માતાજીની ઉપાસનાની સાથે-સાથે શ્રીરામની ઉપાસના પણ ફળદાયી અને શુભ છે.રાજકોટમાં સ્થિત આશાપુરા મંદિર, કૂવાવાળી ખોડિયાર, મહાલક્ષ્મી માતાજી મંદિર, વાઘેશ્વરી માતાજી મંદિર સહિતના મંદિરોમાં નવરાત્રિની વિશેષ ઉજવણી થશે તેમજ મહાઆરતી, ધૂન સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ચૈત્રી નવરાત્રિને લઈને રાજકોટમાં પેલેસ રોડ ખાતે સ્થિત આશાપુરા મંદિરે રોશનીનો શણગાર કરવામાં આવ્યો હતો. આજે પ્રથમ નોરતે માતાજીને સોળ શણગારની ચીજવસ્તુની પૂજા કરી કુંવારિકાઓને તે ભેટ આપી શકાય. ઘટ સ્થાપન માટે સવારે ૧૧.૧૫થી બપોરે ૨.૦૦ સુધી અભિજિત મુહૂર્તમાં બપોરે ૧૨.૨૩થી ૧.૧૩ કલાક સુધી ઘટ સ્થાપન કરી શકાય.

# પોરબંદરમાં ભાજપના માંડવિયા - મોઢવાડિયા ૧૫મીએ ભરશે ફોર્મ

## લોકસભા-વિધાનસભાની બેઠક માટે ભાજપના મુરતિયા મેદાને : કોંગ્રેસ દ્વારા એક ઉમેદવારની ચાલતી શોધખોળ

પોરબંદર,પોરબંદરમાં લોકસભાની એક બેઠકની સામાન્ય ચૂંટણી અને વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપના બન્ને ઉમેદવાર મેદાને આવી ગયા છે અને આગામી તા.૧૫મીએ વિધિવત્ ફોર્મ ભરશે.પોરબંદર લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ તરફથી વર્તમાન સાંસદ રમેશ ધડૂકનું પત્તું કાપીને કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાને ટિકિટ આપવામાં આવી છે જયારે ગત વિધાનસભાની ચૂંટણીમાં જીતેલા કોંગ્રેસના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાને રાજીનામું અપાવીને પક્ષપલટો કરાવી ભાજપ દ્વારા ટિકિટ ફાળવવામાં આવી છે. જેથી ખાલી પડેલી પોરબંદર વિધાનસભા બેઠકની પણ પેટા ચૂંટણી યોજાનાર છે.

આમ, પોરબંદરમાં ભાજપના લોકસભા બેઠકના ઉમેદાવાર મનસુખ માંડવિયા અને વિધાનસભા બેઠકના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા ચૂંટણી જંગ માટે મેદાને આવી ગયા છે અને અને આગામી તા.૧૫મી એપ્રિલના તેઓ શુભ વિજય મુહૂર્તમાં ટેકેદારોના કાફલા સાથે ઉમેદવારીપત્ર ભરવા માટે જશે. બીજી તરફ કોંગ્રેસ દ્વારા વિધાનસભાની પેટા ચૂંટણીમાં હજુ સુધી પોરબંદરમાં કોઈ ઉમેદવાર જાહેર કરવામાં આવ્યો નથી જ્યારે કોંગ્રેસ તરફથી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાને ટિકિટ ફાળવવામાં આવી છે અને તેઓ ફોર્મ ભરવાનાં છે, પરંતુ તેની વિધિવત્ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

# વાહન ચલાવવા મુદ્દે ૨ મહિલા સહિત ૯નો પાડોશી પર હુમલો

રાજકોટઃશહેર નજીક કાળીપાટ વિસ્તારમાં વાહન ચલાવવાના મુદ્દે બે મહિલા સહિત નવ શખ્સે પાડોશમાં રહેતા પરિવારના સાત સભ્ય પર હુમલો કર્યો છે. રાત્રીના હથિયારો સાથે બઘડાટી બોલી જતા નાસભાગ મચી ગઇ હતી. કાળીપાટ ગામે મહાકાળી ચોક પાસે રહેતા ઈજાગ્રસ્ત સુરેશ વાલજીભાઇ લુણાસિયા નામના યુવાને પાડોશમાં રહેતા જયંતી ચના ચાણપા, બિપીન ચના ચાણપા, અનિલ મનુ ચાણપા, શંકર ચાણપા, પરેશ ભૂરા ચાણપા, રમેશ ચાણપા, શારદા જયંતી ચાણપા, જાગુ ચાણપા, હિરેન હરેશ ચાણપા સામે આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, રવિવારે રાતે પુત્ર સ્કૂટર લઈને દૂધ લેવા ગયો હતો. ત્યાંથી પરત આવ્યો ત્યારે તેને પાડોશમાં રહેતા જયંતીભાઇ અને તેના પુત્ર બિપીને ઊભો રખાવી તું અમારા ઘરની શેરીમાંથી વાહન લઇને કેમ નીકળે છે. તેમ કહીને મારવા દોડ્યા હતા. જેથી પોતે પત્ની, પુત્ર, પુત્રી સાથે જયંતીભાઇને સમજાવવા ગયા હતા. જયંતીભાઇના ઘરે જતા તેનો ભત્રીજો અનિલ, ભાઇ, ભત્રીજા વહુ સહિતનાઓ પાઇપ, ધોકો, પાવડાનો હાથો જેવા હથિયારો સાથે ઊભા હતા. ત્યાં પહોંચીને જયંતીભાઇને શું થયું તેમ પૂછતા તે ઉશ્કેરાય જઇ તારા પુત્રને સમજાવી દે કે અમારા ઘરની સામેથી સ્કૂટર લઇને ન નીકળે. કહી ગાળો ભાંડી હુમલો કરી આજે તો જાનથી મારી નાંખવા જ છે કહી ધમકી આપી હતી. વધુ હુમલાથી બચવા ત્યાંથી ભાગીને મોટાભાઇના ઘરમાં ઘૂસી ગયા હતા. પોલીસે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# પરમાણુ બોમ્બ હોવાની શેખી મારનાર રાજકોટના બે બિલ્ડરની દિલ્હી એરપોર્ટે ધરપકડ

## એરલાઈન્સના સ્ટાફે હેરાન કરતાં મજાકમાં બોમ્બની વાત કરીને તેઓએ ફરિયાદ કરી દીધીઃબિલ્ડર દિલ્હી પોલીસે આગવીઢબે પૂછપરછ કર્યા બાદ બંનેને જામીન પર મુક્ત કર્યા

રાજકોટઃદિલ્હી એરપોર્ટ પર સુરક્ષા કર્મચારીઓની કામગીરી વખતે પરમાણુ બોમ્બ હોવાની શેખી મારનાર રાજકોટના બે બિલ્ડરની ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે બંનેની આગવીઢબે પૂછપરછ કર્યા બાદ બંનેને જામીન પર મુક્ત કર્યા હતા.દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર ગત તા.૫ના અમદાવાદ જતી ફ્લાઇટના મુસાફરોનું સિક્યુરિટી ચેકિંગ થઇ રહ્યું હતું ત્યારે રાજકોટના બે વ્યક્તિ જીજ્ઞેશ માલાણી અને કશ્યપકુમાર લાલાણીનું ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. આ વખતે બંને શખ્સે કહ્યું હતું કે, 'અમારી પાસે પરમાણુ બોમ્બ હોય અને તે લઈને પોતે જતાં રહેશે તો તમે શું કરી લેશો'. બંને મુસાફરોની આ વાતથી જ સિક્યુરિટી એજન્સીના અધિકારીઓ અને સ્ટાફ હરકતમાં આવ્યો હતો અને જીજ્ઞેશ તથા કશ્યપકુમારને સકંજામાં લઈ બંનેના સામાનનું સઘન ચેકિંગ કર્યું હતું. જોકે તેમના સામાનમાંથી કોઇ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી, પરંતુ આ બંને બિલ્ડરે જે શબ્દો ઉચ્ચાર્યા હતા તેનાથી એરપોર્ટ અને મુસાફરોની સુરક્ષા સામે સવાલ ઉઠતાં દિલ્હી પોલીસે બંને સામે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી. દિલ્હી એરપોર્ટના ડીસીપી ઉષા રંગાણીએ જણાવ્યું હતું કે, જીજ્ઞેશ અને કશ્યપ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલા છે અને દિલ્હીના દ્વારકામાં ખરીદી માટે આવ્યા હતા પરત ફરતી વખતે તેમણે કરેલા ઉચ્ચારણથી મુસાફરોની સુરક્ષા સામે સવાલ ઉઠતાં ગુનો નોંધી બંનેની ધરપકડ કરવામાં આવી હતી.રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના અંજલિ ટાવરમાં રહેતા અને જીજ્ઞેશ કન્સ્ટ્રક્શન નામે પેઢી ધરાવતા જીજ્ઞેશ માલાણીએ કહ્યું હતું કે, પોતે તથા તેના ભાગીદાર કશ્યપ લાલાણી ખરીદી માટે દિલ્હી ગયા હતા. બે દિવસ રોકાયા બાદ પરત આવવા એરપોર્ટે પહોંચ્યા હતા, ત્યારે એરપોર્ટની સુરક્ષા એજન્સીએ ચેકિંગ કર્યા બાદ એરલાઈન્સના સ્ટાફે ગ્રાઉન્ડ પર પણ ચેકિંગ શરૂ કરતાં તેમણે અજુગતું લાગતા ચેકિંગનું કારણ પૂછ્યું હતું. આ દરમિયાન ચડભડ થઈ જતા મજાકમાં જ કહ્યું હતું કે, એરપોર્ટની સુરક્ષા એજન્સીએ તપાસ કરી લીધી છે અને હવે તમે હેરાન કરો છો, અમે સાથે પરમાણુ બોમ્બ લઈને નીકળ્યા હોય તો તમે શું કરો, આ વાત સાંભળી એરલાઈન્સના સ્ટાફે માથાકૂટ શરૂ કરી હતી અને પોતે શું કરી શકે તેમ કહી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તા.૫ના સાંજે આ ઘટના બની હતી અને તા.૬ના સવારે તેમનો જામીન પર છૂટકારો થયો હતો. નજીવી બાબતને કારણે બંને હેરાન થયા હોવાનો અફસોસ તેમણે વ્યક્ત કર્યો હતો.

# તો જાહેર જીવન છોડી દઈશઃ ભરત બોધરાએ ક્ષત્રિય આંદોલનમાં પોતાની ભૂમિકા નકારીઃ મારા સહિત તમામ કાર્યકરો નિર્દોષ




રાજકોટઃરાજકોટ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને લઈને ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. આ મામલે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાની સંડોવણી હોવાની ચર્ચાઓ ઉઠી હતી. જેને લઈને આજે ભરત બોઘરાએ સ્પષ્ટતા કરી હતી. જેમાં તેમણે જણાવ્યું કે, મારા સહિત ભાજપના તમામ કાર્યકરો નિર્દોષ છે. અને સૌકોઈ પોતાને સોંપેલી જવાબદારી મુજબ કામ કરી રહ્યા છે. જ્યાં સુધી મારી વાત છે ત્યાં સુધી મારી કોઈ ભૂમિકા સાબિત થશે તો જાહેર જીવન છોડી દઈશ. આ વાત ભાજપની પ્રગતિ જોઈ ન શકતા વિઘ્નસંતોષીઓ દ્વારા ફેલાવવામાં આવી છે. હકીકતમાં આવી કોઈ જ વાતમાં તથ્ય નથી.ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં ભાજપના દરેક આગેવાન- કાર્યકર્તાઓ પુરુષોત્તમ રૂપાલા સાહેબને જીતાડવા પ્રયત્ન કરી રહ્યા છે. મને અને રાજકોટ શહેરના કોઇ કાર્યકર્તાને પ્રદેશ દ્વારા કોઈ ખુલાસો પૂછવામાં આવ્યો નથી. વિરોધપક્ષના લોકો અને હિતશત્રુઓ ખોટી રીતે નામ ઉછાળી રહ્યા છે. મને કોઇ જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યો નથી. અમારા એકપણ કાર્યકર્તાએ પાર્ટીને નુકસાન થાય તેવું કામ કર્યું નથી. મારી કોઇ વાત સાબિત થાય તો હું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું.પદ્મિની બા જયારે ભાજપમાં જોડાયા ત્યારે મારી અગેવાનીમાં ૬૦ હજાર લોકો જોડાયા હતા. તેમાંથી કોના મનમાં શુ છે તે કેમ નક્કી કરી શકાય? જો કે, હાલમાં પદ્મિની બા દ્વારા ભાજપમાંથી રાજીનામું આપી દેવામાં આવ્યું છે. અને અમે રાજીનામું મંજૂર પણ કરી લીધું હોવાથી ભાજપ સાથે તેમનો કોઈ સંબંધ રહેતો નથી. હું ૨૦ વર્ષથી કામ કરું છું. સમાન્ય વ્યક્તિ કે હિતશત્રુઓ દ્વારા અમારા પક્ષ બાબતે ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. આ અફવાઓમાં કોઈ તથ્ય નથી.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજમાં હાલ નારાજગી છે. તેને દૂર કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આ માટે હાઈકમાન્ડ દ્વારા પણ ક્ષત્રિય આગેવાનોની સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. અને અમને વિશ્વાસ છે કે, આ આંદોલન સમેટાઈ જશે. કારણ કે, ક્ષત્રિય સમાજ અમારો જ પરિવાર છે. અને આગામી ચૂંટણીમાં પુરુષોત્તમ રૂપાલા ભવ્ય જીત મેળવશે તેવો દાવો પણ તેમણે કર્યો હતો. તેમજ પોતાની કોઈપણ પ્રકારની સંડોવણી સાબિત થાય તો જાહેર જીવન છોડી દેવાની ખાતરી આપી હતી.જો કે, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરા દ્વારા કહેવામાં આવ્યું હતું કે, પદ્મિની બાએ રાજીનામું આપ્યું છે અને તે સ્વીકારી લેવામાં આવ્યું છે. ત્યારે આ મામલે પદ્મિની બાએ ભરત બોઘરાના દાવાને નકાર્યો હતો અને કહ્યું હતું કે, મેં ભાજપમાંથી રાજીનામું નથી આપ્યું. પછી તો એ લોકોને ખ્યાલ. એ લોકોએ રાજીનામું સ્વીકારી લીધું હશે તો હું પાર્ટી છોડી દઇશ.

# મિત્રોએ જ કરી ૨૦ લાખની છેતરપિંડીઃ રૂપિયા ૧૦ લાખ કઢાવવા હવાલો લેનારે પણ ૧૦ લાખનો ધુંબો માર્યો!

રાજકોટઃશહેરના ભક્તિનગર સોસાયટી સામે આવેલા પૂજારા પ્લોટ-૧માં રહેતા કલ્પેશભાઈ લીલાધરભાઈ ગોંડલિયા નામના પ્રૌઢે મિત્રો કંદર્પ વાલ્મીક ઢેબર અને અમિત પ્રવીણ વાઘેલા સામે વિશ્વાસઘાત, છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.વાહન વીમા એજન્ટ તરીકે કામ કરતા પ્રૌઢની ફરિયાદ મુજબ, ત્રણ વર્ષ પહેલાં કંદર્પ સાથે પરિચય થયા બાદ તેને વાહન પ્રીમિયમના પૈસા ભરવા માટે રૂ.૫ લાખ માગતા તેને રૂપિયા આપ્યા હતા. જે રકમ પરત કરી દીધા બાદ વધુ એક વખત વાહન પ્રીમિયમ ભરવા માટે રૂ.૧૦ લાખની જરૂરિયાત હોવાની વાત કરી હતી. જેથી તેને બે કટકે રૂ.૧૦ લાખ આપ્યા હતા. સમયસર પૈસા પરત ન કરી કંદર્પે રૂ.૧૦ લાખ આપવાના છે તેવું લખાણ કરી આપ્યું હતું. તેમ છતાં લાંબો સમય પછી પણ પૈસા પરત નહિ કરતા કંદર્પે ઘણા લોકો પાસેથી પૈસા લીધા હોવાનું મિત્ર યોગેશ રાવલે જણાવ્યું હતુ. અને જો પૈસા કઢાવવા હોય તો તમારા પૈસા અમિત વાઘેલા કઢાવી આપશેનું કહ્યું હતું. ત્રણ દિવસ બાદ મિત્રે અમિતનો સંપર્ક કરાવ્યો હતો. બાદમાં અમિતને મળવા તેની ઓફિસે જતા તમારે હવે કંદર્પભાઈ પાસે પૈસા માગવાના નથી થતા, આ પૈસા હવે હું તમને એક મહિનામાં આપી દઈશની વાત કરી હતી. એક મહિના બાદ નાણાં લેવા જતા તે અલગ અલગ બહાના બતાવી ધક્કા ખવડાવતા હતા. અવારનવાર અમિત વાઘેલાને મળતા હોય તેની સાથે પણ મિત્રતા બંધાઈ ગઈ હતી. દરમિયાન એક વર્ષ પહેલાં અમિતે તેને એક કરોડના ડોલરનો વહીવટ છે તેમાં રૂ.૧૦ લાખ ઘટતા હોવાની પોતાને વાત કરી હતી. તેમજ બે-ત્રણ દિવસમાં ૧૦ લાખ અને કંદર્પના ૧૦ લાખ એમ કુલ ૨૦ લાખ રૂપિયા પાછા આપી દેવાનું કહી વિશ્વાસ બતાવ્યો હતો. જેથી અન્ય એક મિત્ર પાસેથી રૂ.૧૦ લાખ લઈને અમિતને આપ્યા હતા. નક્કી થયા મુજબના દિવસો પછી પૈસા માગતા અમિતે ખોટા ખોટા વાયદાઓ કર્યા હતા. આમ તેણે પણ પોતાના રૂપિયા પરત નહિ કરતા બંને સામે ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પીએસઆઇ લાઠિયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# ધોળા દિવસે ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં રોકડ રકમની ચોરી



ગોંડલઃ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવેલ એક પેઢીમાં ધોળા દિવસે ચોરીનો બનાવ બન્યો પેઢીમાં ટેબલનું ખાનું તોડી તિજોરીની ચાવીથી તિજોરી ખોલીને તેમાં પડેલ રોકડ રકમની ઉઠાંતરી કરી અજાણ્યો શખ્સ નાસી છૂટ્યો હતો. સમગ્ર બનાવને લઈને પોલીસે આસપાસના CCTV તપાસ કરી આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.સૌરાષ્ટ્રના અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં આવેલ મહારાજા એન્ટરપ્રાઈઝ-B ૧૩૩ નામની પેઢીમાંથી આશરે પાંચ લાખ રોકડ રકમની અજાણ્યા શખ્સ દ્વારા ચોરી કરી નાસી છૂટ્યો હતો. સૂત્રો અનુસાર સવારે પોણા દસ આસપાસ ચોરીનો બનાવ બન્યો છે. રોકડ રકમ ચોરી કરનાર અજાણ્યો શખ્સે બ્લુ શર્ટ, સફેદ પેન્ટ પહેર્યું છે અને સ્પ્લેન્ડર બાઈક લઈને પસાર થાય છે. તેવું CCTV કેમેરામાં કેદ થવા પામ્યું છે. ચોરીની સમગ્ર ઘટનાને લઈને સ્થાનિક પોલીસ અને LCB બ્રાન્ચ દ્વારા CCTV આધારે પોલીસે સ્પેલેન્ડર બાઈક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# વારંવાર હારવા છતાં કોંગ્રેસમાં ચૂંટણી ટાણે પણ વિપક્ષ જેવી સક્રિયતાનો અભાવઃ રાજકોટમાં હજુ ઉમેદવાર અનિર્ણિત!

રાજકોટઃ ચૂંટણીમાં વારંવારના પરાજ્ય મળવા છતાં કોંગ્રેસ દ્વારા ચૂંટણીના સમયમાં પણ હજુ એકતા કે નિર્ણાયિકતાનો અભાવ જોવા મળી રહ્યો છે. ભાજપે ઉમેદવારો ક્યારે ફોર્મ ભરશે તે આજે જાહેર કરી દીધું છે ત્યારે સમગ્ર રાજ્યની નજર જેના પર હોય છે તે રાજકોટ બેઠક માટે કોંગ્રેસ હજુ તેના ઉમેદવાર નક્કી કરી શકી નથી અને રૂપાલાનું શુ થાય છે તેનો ઈંતજારમાં સમય વેડફાઈ રહ્યો છે.રાજકોટના ઉમેદવાર તરીકે રૂપાલા યથાવત્ જ રહેશે તેવું ભાજપે સ્પષ્ટ જાહેર કરી દીધું છે છતાં કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર રૂપાલા જ યથાવત્ રહે તો ભાજપના અમરેલીના પાટીદાર ઉમેદવાર સામે કોંગ્રેસના પણ અમરેલીના જ અને પાટીદાર નેતા પરેશ ધાનાણીને ટિકીટ આપવી અને રૂપાલા બદલાય તો રાજકોટના ડો.હેમાંગ વસાવડાને ટિકીટ આપવી તેવો નિર્ણય લેવાયો છે. પરંતુ, ભાજપના ઉમેદવારના પ્રચારનો બીજો રાઉન્ડ ચાલી રહ્યો છે, થોકબંધ મીટીંગો, સભાઓ યોજાઈ ગઈ છે, બૂથ નેટવર્ક ગોઠવાઈ ગયું છે, ક્યા મુદ્દે પ્રચાર કરવો તે પણ નક્કી કરીને ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસ હજુ ઉમેદવાર નક્કી કરી શકી નથી. એટલું જ નહીં, શહેર કોંગ્રેસના નેતાઓ વચ્ચે હજુ સંપ અને એકતા પણ જોવા મળતા નથી. વિપક્ષ તરીકે જાણે કે લોકો શાસકથી અતિશય કંટાળે ત્યારે વિજયશ્રીનું પતાસુ મોંમાં આવી જશે તેમ માનીને બેસવાના કોંગ્રેસના વલણથી સવાલો જાગ્યા છે. લોકોમાં ચર્ચા છે કે જો આ સમયે ભાજપ વિપક્ષમાં હોત તો વિવાદ,વિખવાદ,સમસ્યાઓના મુદ્દે ઠેરઠેર સભાઓ ગજવી નાંખી હોત